૫૪૯૩

ભોજરાજા અને કવિ કાલીદાસની

ज्ञान वर्धक वार्ताओनो

भंडार.

ભાગ ૧ લો

લખનાર.

મગનલાલ પરશોતમ.

મુંબઇ

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ.

સને ૧૮૯૯

કીમત ૪ આના.

भोजराजा अने कवि कालीदासनी ज्ञान वर्धक वार्ताओनो भंडार.

ભાગ ૧ લો.

કાલીદાસ.

પૂર્વે બંગાળ દેશમાં સત્યવાન નામનો એક રાજા રાજ્ય કરતો હતો તે ગૌબ્રાહ્મણપતિપાળ અને સર્વગુણસંપન્ન નીતિ રીતિ નેકટેક ને પ્રજાપર પ્રીતી રાખનારો હતો. તે વિનયી, વિવેકી, વિજયી, વિદ્યાવિલાસી ને વિનોદી હતો. પોતાના રાજ્યની ચઢતીકળા કરવામાં અહોનીસ તે ઉત્સુક હતો. પોતાના દરેક પ્રાંતોમાં પાઠશાળા, હુન્નરશાળા શસ્ત્ર ને વસ્ત્ર બનાવવાના કારખાના કાઢ્યા હતા ને જે કોઇ નવો કારીગર આવી નવો હુન્નર તેને બતાવતો, તો તેને તે ઉત્તેજન આપી પોતાના દરબારમાં નોકર રાખતો. એના અદલ રાજના અમલમાં, લુચ્ચાઇ, ડાંગાઇ, ઠગાઇ મુદલ જોવામાં આવતી ન હતી. કારણકે આવા કામ કરનારાઓને પ્રથમથીજ જડમુળથી સમુળગો નાશ કરી નાખ્યો હતો, અને જો અચાનકે કોઇ પણ જુલમી પ્રજાને પીડનારો કીવા લુટારો કે ધુતારો નજરે પડતો તો તેને શીક્ષા કર્યા વગર છોડતો નહિં. પોતાના રાજ્યની આવી પ્રકારની સ્થિતી જોઇને તે સદા મગરૂર રેહેતો. તેને પુત્ર ન હતો. પણ મહા સ્વરૂપવાન ચંપકકલિકા નામની એક કન્યા હતી, તે કન્યા અને તેના મુખ્ય પ્રધાનના પુત્ર ચતુરચુડામણી આ બંને બાળકો બાળપણથી એકજ સ્થળે ખાતાપીતા રમતા ભમતા ને ફરતા હતા. અને એકજ ગુરૂની પાસે વિદ્યાભ્યાસ કરતાં હતાં. જેથી તે બંને બાળકોની અરસપરસ સજડ મૈત્રી જડાઇ ગઇ હતી. જેમ જેમ આ ઉભય બાળકો મહોટા થતાં ગયાં તેમ તેમ તેઓની વચેનો સ્નેહીભાવ પણ વૃધ્ધિ પામતો ગયો. એક દિવસને સમયે આ જુગળજોડી અવાસની અટારીએ ઉભી શહેરની ભવ્ય

રચના નીરખતા હતા. તેવામાં કલ્યાકુંવર જેવા બે મુસાફરો ઘોડે બેસી જતા હતા, તે જોઇને ચતુરચુડામણી ચંપકકલિકાને કહેવા લાગ્યો કે, "અહો રાજકન્યા ! આ બે મુસાફરો કઇ જાતના છે. અને આ બંનેમાંથી સ્ત્રી કોણ છે, તે પારખી કહાડો તો તમારૂં નામ ચંપકકલિકા ખરૂં ? પ્રધાનપુત્રના ઉત્તરનો પ્રતિઉત્તર આપવાને ઉત્સુક થયલી ચંપકકલીકા બોલી કે, "એની પરીક્ષા કરવી એમાં કંઇ સાહસ કર્યું કહેવાય નહીં. તોપણ જ્યારે તારી એવીજ ઇચ્છા થઇ છે, તો હું તને કહું છું તે તું સાંભળ. જેની આંખોની પુતળીઓ ચંદ્રના તારાની પેંઠે ચોબાજુ ફરકી રહી છે, અને જેના ભ્રમરો પીપલના પાનની પેંઠે હળુ હળુ ઉડી રહ્યાં છે, જેની કમ્મર કેસરી જેવી સીધી સાંભી રહી છે, અને જે સ્ત્રી રેવતપર એક બાજુએ પલાન કરી બેઠી છે તેનેજ સ્ત્રી જાણવી. આ કોઇ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયલા રાજબીજ છે. કંઇ વિપત્તિ પડવાને લીધે પ્રદેશ વેઠવાને બાહેર પડયા છે. એમ તેની મનોવૃત્તિ કહી આપે છે." ચંપકકલીકાનો આવો ઉત્તર સાંભળી પ્રધાનપુત્ર મનમાં દીગમુંઢ બની ગયો, ને ધન્યવાદ આપ્યો કે, "રંગ છે ચંપકકલિકા તારી સબળ શક્તીને" ચંપકકલિકાની આવી ચાતુરી જોઇને પ્રધાનપુત્ર મનમાં સંકલ્પ કરવા લાગ્યો કે, પરણવું તો આ ચંપકકલિકાનેજ પરણવું ! નહીંતો મરણ પર્યંત કુંવારા રેહવું.

આવી પ્રકારનો દ્રઢ ઠેરાવ કરી ચંપકકલિકાનું સૌંદર્ય જીતી લેવા માટેની યુકતીરૂપી લડાયકની સામગ્રીઓ તૈયાર કરી પણ તે નિમીશવારમાં અશાઢમાસના અજવાળાની પેંઠે નાશ પામી. તેથી તે મનમાં બહુ સંતાપ કરવા લાગ્યો; અને વૈશાક માસના તડકા જેવો તપી ગયો, અને મોટેથી બરાડા મારી બોલવા લાગ્યો કે, "શું એ રાજકન્યા મારા હાથમાં નહી આવશે કે ? જવાની ક્યાં છે ? જેમ પારધી પોતાની જાળમાં મૃગને સપડાવે છે તેમ મારી જાળમાં આ મૃગાનેણીને સપડાવીશ ? મારા શિવાય એને બીજો પતિ પસન્ન પડનાર નથી તો !" માટે ચાહાસનમાં એની પાસે પરણવાની માગણી કરવી એવું નિશ્ચય કરીને તે એકદમ જુસ્સાબંધ ધમકારો કરતો ને પગ પછાડતો ને આડું અવળું ડોકયું કરતો ચંપકકલીકાના મહેલમાં ગયો ને ચંપકકલીકાનો પલ્લવ પકડી કહેવા લાગ્યો કે, "અહો રાજસુંદરી તારા

વિના એક ક્ષણપણ મને ચેહેન પડતું નથી. આ તારી અલૌકીક મુર્તિ જો મારા જોવામાં નથી આવતી, તો હું ઘેલો ગાડો બની જાઉં છું. જ્યારે તારા નેત્રમણી નિરખવામાં આવે છે ત્યારેજ મારા આંખના પડદા ઉઘડે છે અને મનને આનંદ મળે છે. તારા સિવાય મને આ જગતમાં કંઇ પણ વહાલું હોય તે તુંજ છે. હું સર્વને કંકર સમાન ગણું છું, અને તનેજ મારા પ્રાણની જીવનદોરી લેખું છું. જેમ સેવાલને જળ વીના ચાલતું નથી તેમ તારા વીના વહાલી મને ચાલતું નથી. માટે આશા છે કે મારી સાથે પાણીગ્રહણ કરવાનું વચન આપીશ?" ચંપકકલીકા બોલી કે, અરે મુરખા તારૂં કાળજું ઠેકાણે છે કે નહી, કે કીડા ખાઇ ગયા છે. મણીની આશાએ જો ભોરીંગના રાફડામાં હાથ ઘાલવા જઇશ તો પ્રાણ ગુમાવવો પડશે માટે જગતમાં વધારે વાર જીવવું હોય તો મણીની આશા મુકી દેજે." ચંપકકલીકાનું આવું બોલવું સાંભળી પ્રધાનપુત્ર સજ્જડ થઇ ગયો ને કેહેવા લાગ્યો કે, "જે આશાએ હું તારી પાસે આવ્યો છું. તે આશાનો તું સમુળગો નાશ કરવા તૈયાર થઇશ એવું હું ધારતો નહોતો, પણ અંતે તેમ થયું. અરે રંભા, બાળપણમાં સાથે હરેલા, ફરેલા, રમેલા, જમેલા તેની ઉપર આજે તું પાણી ફેરવવા તૈયાર થઇછો. જરાતો વિચારકર. જેવો સ્નેહછે તેવો સ્નેહ આખર સુધી જળવાઇ રહે એમ કર. તેમ કરવામાં તને શું ગેરલાભ થવાનો છે. એકમેકના મન મળેલા છે તેથીજ તને હું આટલો આગ્રહ કરીને કહું છું નહીતો કદીપણ કહેત નહીં, નવા સાથે નવી પ્રીત કરવાથી કેટલી વિપત્તિઓ ભોગવવી પડેછે તેનું તને કાંઇ ભાનછે?" ચંપકકલીકા બોલી કે, "આવા ઉચ્ચારો મુખમાંથી કાઢતા કંઇક વિચાર કરો" "પ્રધાનપુત્રે કહ્યું કે, "એમ વિચાર કરવાનું કાંઇજ નથી, માટે માનમોહના અને અર્ધાંગના થવાનો ઇકરાર આપ. આવી કામદેવસરખી જોડી આખા જગમાં શોધી મળે નહી" ચંપકકલીકા બોલી કે, "મિથ્યા બકવાદ કરવો મુકીને ચુપચુપ તારે માર્ગે પડ, આ ઠેકાણે તારા શિવાય મારો કોઇ બીજો અનુચર આવ્યો, મને આવી પ્રકારની વાત સંભળાવત તો જરૂર હું તેની જીભ ખેંચી કઢાવત? પણ તને બાળમિત્ર જાણીનેજ જીવનદાન આપું છું." ચુડામણી બોલ્યો કે, "પ્રથમથી મરણકાળનો ભય મુકી તારા મુખની ગાલનું ચુંબન

કરવા આવ્યો છું. અરે મૂર્ખી ઘર બેઠા લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે મોઢું શા માટે ધોવાજાયછે. માટે અણસમજુ ના થા, કંઇક વીચાર કર, કારણ કે ગઇ વેળા પાછી આવતી નથી, પછે પસતાઇસ." રાજકન્યા કહેવા લાગી કે, "હે મૂર્ખા સર્વત્ર ભોમમાં વસતા ભુપતીઓના કુંજસરખા કુમારો જ્યારે મને પરણશે નહી, ત્યારેજ માગ ક્ષત્રીકુળનો નાશ કરીશ, ને તારા જેવા મારા એક અનુચર સાથે લગ્ન કરીશ." રાજકન્યાનું આવું તીવ્ર બાષણ સાભળી પ્રધાનપુત્ર મનમાં બહુ ખેદ પામવા લાગ્યો, અને અંતરમાં ઉંડા નિશવાશ નાખી ભમર ચઢાવી રાજકન્યાને કહેવા લાગ્યો કે, "હે કોકીલા, તારૂં બોલવું ગમે તેવા પ્રકારનું મારી વિરૂદ્ધ થશે તોપણ તારા અવગુણ ગાઇશ નહીં, અને તારા મધુરમુખમાંથી નીકળતી જેર જેવી વાણીને પણ હું અમૃત જેવી ગણી તારો અંગીકાર કરવાને ઉત્સુક રહીશ. તું એમ માનતી હશકે એક અનુચર સાથે કેમ પરણું એમ કહેવામાં કેવળ તારી મુરખાઇજ બીજું કાંઇ નથી. કારણકે અનુચર કેવી જાતીનોછે અને એમાં કઇ કઇ જાતના ગુણ સમાયલાછે તે ગુણની તે હજી સુધી પરીક્ષા કીધી નથી ત્યાં સુધી તને અનુચર માટે ધીક્કાર છુટશે. પણ જ્યારે અનુચરની પ્રકૃતીનું પુર્ણરીતે અવલોકન કરીશ ત્યારેજ તારી ખાત્રી થશે કે અનુચરોમાં વાસ કરી રહેલા ગુણો રાજવીર કરતાં ચઢીઆતા હોય છે અને એવું ધારીને લગ્ન કરવાની વાત તારી પાસે કહી, પણ તે તને પસંદ પડતી નથી, તેથી હું ઘણો દીલગીરછું ને કહુંછું, કે જે સમયે તારો પીતા તારા લગ્ન કરવાની તેયારીઓ કરશે તે સમયે તારા યોગ્ય વર સોધી લાવવાનું કામ મારા બાપને સોંપવામાં આવશે તો તે કામમાં હું વીઘ્ન કરતા થઇ પડીશ અને તારૂં કામ હરગીશ પાર ઉતરવા દઇશ નહી, અને દબાણપુરઃ કરવું પડશે તો, અભણ અને દારીદ્ર અને કુરૂપ્યા બાબુ જેવો પતી સોધી લાવી તારે માથે બાંધીશ. પછી તું શું કરીશ" ત્યારે ચંપકકલીકા બોલી કે, "એ વાત તારા અને તારા બાપના હાથમાં મુદલ નથી, કેવળ દેવાધાન છે. અને તે કોઇના તાબામાં નથી પણ તે સ્વતંત્ર છે તો પછી હું તારા બોલવાનો ભો શા માટે રાખું? માટે નઠોર કઠોર વાતો કરવી મુકી દઇ વીવેકી બની મર્યાદાનું સેવન કર. જેથી કરીને તારો સ્વાર્થ

સુઘરે, કહ્યું છે કે મણીનો મણીધરને શોભે, કાગડાની કોટે કદી રત્ન શોભતું હશે ?"

આ વાતને કેટલીક મુદત વીતી ગઇ ઉભય બાળકો નવ જુવાનીના બારમાં કમળ સરખા ખીલી નીકળ્યાછે. ચંપકકલીકાનું ચાતુર્ય લાવણ્યતા અને તેની મધુરવાણી સુણી તેના પીતાને બહુ વીચાર થવા લાગ્યો કે, હવે આ બાળકીને કયા રાજવીને ત્યાં આપવી, મારી જાણ પ્રમાણે આખા ભરતખંડમાં કુંવરી લાયક વર જોવામાં આવતો નથી. જો હું એના યોગ્ય અને એના જેવો સર્વ બાબતમાં પ્રવીણ શોધી નહી આપીશ અને કોઇ લાકડે માંકડું મેળવી આપીશ તો મારે છોકરીના મેણા ખાવા પડશે. આવા વીચારમાં તે ખાતો પીતો કે નસુતો અને એજ જંજાળમાં તે પોતાનો કાળ ગાળતો હતો, તોપણ પોતાનો વીચાર ઠરી ઠામ ન પડવાથી અંતે તે કામ પ્રધાનને સોંપવાની ધારણા રાખી. ચંપકકલીકા યોગ્ય વર સોધી કાઢવાને રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યુ કે, "અહો સુગ્ન પ્રધાન ચંપકકલીકા ઉપવર થઇ છે. માટે તેના લાયક રાજકુમાર સોધી કાઢવો અને તે સોધતા જેટલો વખત જાય તેની તમે દરકાર રાખશો નહી, તપાસ કરતી વખતે બહુ સંભાળ રાખજો, અને રાજકુમાર તમારા ધ્યાનમા આવે તેની પ્રથમથી પરીક્ષા કરજો અને પછી તેની સાથે ચંપકકલીકાનું સગપણ કરજો. પણ રાજકુમાર સર્વ બાબતમાં સંપૂર્ણ રીતે બહાદુર, ચાલાક રંગરાગવાળો જો તમને ન મલે તો તે કામ કરવુ નહી વરયોજના કરવા માટે હુકમાનુસાર જઇશું એમ રાજાને કહી પ્રધાન પોતાને ઘેર આવ્યો, અને પ્રવાસે જવાની તૈયારી કરવા લાગ્યો. આ થતી તૈયારીઓ જોઈ ચુડામણીએ પોતાના પીતાને કહ્યું કે, "અહો પીતાજી, આપનો વૃદ્ધ કાળ થયો છે માટે આપે મુસાફરીમાં જવું નહી જોઇએ. કદાચ કોણ જાણે આપ દુર ગયા પછી એકાએક રાજ્યપર પરચક્ર ચઢી આવ્યુ તો તેનું નીવારણ કરનાર આપ સીવાય આ રાજમાં બીજુ કોઇ નથી. માટે રાજકાજ સંભાળી પછાથી ઉપરના કામો કરવા યોગ્યછે. આ નાનકડું કામ આના લાયકછે, જેથી મને આજ્ઞા થાય તો વરયોજના માટે જઇ રાજકન્યા લાયક રાજવીર વર જોઇ લાવીશ. પુત્રના મુખમાંથી આવા વચનો નિકળતા સાંભળી પ્રધાન ઘણોજ આનંદ થઇને બોલ્યો કે, તારા બોલવાનો અભિપ્રાય રાજાને જાણ કરીશ

ને જેમ રાજા કહેશે તેમ કરીશ. પછી બીજે દીવસે પ્રધાને રાજાને પુછ્યું ત્યારે તે વાત રાજાએ માન્ય રાખી, રાજા બોલ્યો કે, "એ કામ અત્યુત્કૃષ્ટ છે, કારણ કે ચંપકકલિકા અને ચુડામણી તે બંનેને એકમેકમાં ઘણીજ પ્રિતીછે તેથી કન્યાને મનલાયક એવોજ પતિ ચુડામણી શોધી આણશે. અને તેના કામમાં તે કદી કચાસ રાખશે નહી એવી મને આશા છે. માટે એની સાથે થોડી સેના અને દ્રવ્ય દઇ તેની વિદાયગીરી કરી દેવી." [પ્રીય વાંચનાર અત્યારસુધી આ વાતની રાજકન્યાને ખબર નથી] આગળ ચુડામણી વર સોધવા ગયો. એ ખબર ચંપકકલીકાને મળી પણ પ્રથમ થએલા સભાષણનું તેણીને સ્મરણ રહ્યું ન હતું.

હવે અહીં ચુડામણી દેશોદેશ વર જોવા ફરતો હતો. તેને પોતાના પૂર્વના વિચાર પ્રમાણે મનલાયક વર મળ્યો નહી. તેથી મનમાં કહેવા લાગ્યો કે, મનની મુરાદ મનમાં રહી જશે. અને બોલેલો બોલ વ્યર્થ જશે. એવું ધારીને તે બહુ ચિંતા કરવા લાગ્યો, છતાં પણ પોતાના આરંભેલા કામમાં હાર ન ખાતા, એશઆરામને એક કોરે મુકતા રાત દિવસ મોટા મોટા પ્રદેશોમાં જઇ શોધ કરવા લાગ્યો. એક દીવસને સમયે સંધ્યાનકાળે એક અરણ્યમાંથી ચુડામણી સેનાસહવર્તમાન જતો હતો. તો તે વાટમાં એક છોકરો એક ઝાડની ડાલના આગલા ભાગની માથે બેસી પછવાડેથી તેજ ડાલ તોડે છે. એવું જોતાંજ પાલખી ઉભી રાખી. પ્રધાન પુત્ર તેને કહેવા લાગ્યો કે, "જ્યારે ડાલ તુટી તો તુ નીચે આવી પડીશ, ને તારા હાડકા ભાંગી જશે. એનો કંઇ તે વિચાર કર્યો ?" છોકરાએ જવાબ આપ્યો કે, "એમ કરવાનું કારણ એટલુંજ છે કે, ઝાડપરથી નીચે કેમ ઉતરવું તે મને સુદલ આવડતું નહોવાથી આ યુક્તિ કરી છે. જેવી ડાળ તુટી કે તેણીની સાથે હું પણ સપાટાબંધ નિચે આવી પડીશ." આવું છોકરાનું બોલવું સાંભળીને ચુંડામણીની પક્કી ખાતરી થઇ કે, આજ સુધી ઘણા મુર્ખા જોયા; પણ આ છોકરો સુરૂપ અને બોલવામાં સાગ છતાં આચરણમાં મુર્ખ છે. તેટલા માટે રાજકન્યાને એજ ઘણો યોગ્ય છે; અને પછી છોકરાને પુછવા લાગ્યો કે, "અહીં તું શું કરે છે? ક્યાં રહે છે તારા માબાપ છે કે નહીં, તારી જાત કઇ તે મને કહે તો વારૂ?" ત્યારે છોકરાએ કહ્યું કે, "હું દ્વિજનો પુત્ર છું. મારી પાસે કાંઇ વિદ્યા નથી, અને મારા

માત પિતા મારા બાળપણમાંથીજ ગુજરી જવાથી હવે હું ગામના લોકોના ઢોર ચારીને પેટ ભરૂં છું" ત્યારે પ્રધાન પુત્રે તેને ઝાડની ઉપરથી નીચે ઉતારી કહ્યું કે, "અમારા રાજાની કુંવરી સાથે લગન કરવાની જો તારી મરજી હોય તો મારી સાથે ચાલ" તે સાંભળી છોકરાએ કહ્યું કે ઠીક છે એમ કહી તેની સાથે નિકલી પડયો. પ્રધાન પુત્ર છોકરાને પોતાની સાથે લઇ પાછો પોતાના રત્નનગરમાં આવ્યો. અને વનમાંથી પકડી આણેલા દીવજ પુત્રની યોગ્યતા વધારવા માટે ગુપ્તપણે કેટલુંક નવું સૈન અને મગારથી પ્રધાનાદિક રાખી રાજ્ય ઠાઠ બનાવી દીધો. પછીથી પ્રગટ થઇ રાજાને જાહેર કર્યું કે, આ માગધદેશના રાજાના પાટવીકુંવરને ચંપકકલીકાને લાયક સમજી હું લાવ્યો છું. માટે લગ્નની તદબીર જલદી થવી જોઇએ. તે સાંભલી રાજા વર જોવા માટે આવ્યો, અને રૂપવાન મદન સરખું પુતળું જોઇ ઘણોજ આનંદ પામ્યો. પછી પ્રધાનાદિકને લગ્નની તૈયારી કરવા તેણે આજ્ઞા દીધી, અને સુમુહુર્ત જોઇ ઉભયતાને ઠાઠથી બાજઠપર બેસાડી ચાર દિવસ સુધી ઉત્સાહથી વિધિપૂર્વક લગ્ન કર્યા. ચંપકકલીકા ઉપવર હતી, તેથી રાજાએ પુત્રીના મહેલમા રાત્રિને વિષે જમાઇને મોકલ્યો. બિચારો જમાઇરાજ, ભોળોભટાક અને સ્વપ્નામાં પણ ન જોયલો એવો દેખાવ જોઇ દીવાનો બની ગયો. મહેલમાં બાઇ સાહેબ શિવાય બીજુ કોઇ નહોવાથી પાડાની માફક આરડવા લાગ્યો "હવે શું કરવું" એમ કહી વિચારમાં પડ્યો. બહુ દીવસ લગ્નની ધામધુમમાં જવાથી ઊંઘ બહુ આવતી હતી. બિચારા ગરીબ બ્રાહ્મણનો મુર્ખ છોકરો ? ત્યાં તેને માટે ઉત્તમ પ્રકારની શય્યા તૈયાર કરી રાખી હતી, તોપણ તેનીપર ન સુતાં, પલંગ છોડીને એકાદ ખુણો સોધીને માથાપરનું કલગી તુરા સહીત સર્વ વસ્ત્રો ઉતારી ઓશીકે રાખીને આનંદથી સુતો "પલંગપર સુઇશ અને તે માટે કોઇ ગુસ્સે થશે તો પછી હું શું કરીશ" આ વિચાર તેના મનમાં ઘુંટાઇ રહયો હતો, ઊંઘ પુર્ણ આવતાજ તે એવો તો ઘોરવા લાગ્યો કે, ન પુછો વાત. તેના નાકના નશકોરામાંથી નિકલતા ભંયકર નાદથી એકાદ માણસ ડરયા વગર કદી રહેજ નહીં. પછી હાથમાં પ્રચારતી લઇ વસ્ત્રાલંકારો સજી, સુહાસ્યવદના રાજકન્યા તે ઠેકાણે આવી "હવે મંદીરમાં જઇ હું મારા પ્રીતમ સાથે નાનાપ્રકારનો

વિલાસ કરીશ, ને આજ પર્યંત તજેલી વસ્તુનો ઉપભોગ લઈશ. ઇત્યાદીક અનેક વિચાર જેના મનમાં એક સરખા રમી રહ્યા છે તોપણ સર્વ સખિયો સમક્ષ પતી પાસે જતા જેને સરમ થાય છે એવી જે રાજકન્યા, સર્વ સખીઓ સાથે મલીને વિનોદ કરતાં કરતાં તે તેના પતીના મંદીરમાં હડસેલી મુકે છે. તે આંખના અણી-આરા ઉરાડતી રૂમઝુમ કરતી તે મંદીરમાં આવી. પોતાના પ્રેમી પ્રાણનાથને આલીંગન આપવાને અધીરી બનેલી અલબેલી હરીણી પ્રમાણે વિશાલ ને પાણીદાર ડોળા ફેરવી ચોતરફ જોવા લાગી પણ તે સ્થળે તેનો પતિ તેના જોવામાં આવ્યો નહી, ત્યારે તે વિચારમાં પડી, ભ્રમરપલંગની શય્યા જેમની તેમજ હતી, તે છોડીને અજ્ઞાનપણાથી એકાદખુણામાં જઇ સુતો હતો તે એકાએક તેણીના લક્ષમાં કેમ આવે ? એવો વિચાર મનમાં ઉત્પન્ન થતાંજ નવયૌવના કુરંગાક્ષીએ પોતાના હાથમાની પંચારતી નીચે રાખી. અને લક્ષપૂર્વક ચો બાજુએ તે પતીની શોધ કરવા લાગી. કેટલોક સમય વિતિ ગયા પછી જ્યાં તે સુતો હતો ત્યાં તે ગઇ પણ તેનું ચમત્કારીક પ્રકારનું વિલક્ષણ ઘોરવું સાભળતાંજ ચંપકકલીકા સ્તબ્ધ થઇ ગઇ અને ક્ષણભર તેની સામે લક્ષ દઇ જોતી રહી. અને પછી તેને ભરઉંઘમાંથી જાગૃત કરવા માટે કેટલીક સંજ્ઞાઓ (નીશાની) કરી; પણ ધણીને તો ગાઢ ઊંઘ ચડેલી છે જેથી તે હલતો પણ નથી ને ચલતો પણ નથી તેથી તે બિચારીએ તેના શરીરપર પુષ્પવૃષ્ટિ કરી તોપણ તે જાગ્યો નહીં; ત્યારે પાણીમાં ચંદનાદિ સુગંધીમય પદાર્થો મેળવીને તે જળ તેના અંગપર છાંટ્યું તો પણ તેણે આંખ ઉઘાડી નહીં અને ભર ઉંઘમાં "ઘર, ઘો," "ઘર ઘો" આ પ્રમાણે ઘોરતોજ રહ્યો જેથી તે બિચારી નિરૂપાય થઇ ગઇ અને છેવટ હાથેથી હલાવીને જગાડવા લાગી, તથપી તે જાગૃત ન થતાં બીજે પડખે ફરીને પાછો પહેલાની પેઠે ઘોરવા લાગ્યો. તે રાજકન્યા ચતુર હોવાથી તેણીએ તે વખતે પરીક્ષા કીધી કે, આ પુરૂષ રાજબીજ નથી પણ કોઇ બીજી જાતનો છે. છતા અણુઘડ અને મુર્ખ છે. આ સંસારની રીતભાત તો મુદલજ સમજતો નથી. પશુ કરતા પણ બેહ છે. જો તેનામાં પશુ જેટલું પણ જ્ઞાન હોતતો અવશ્ય આ સંસારના ઉપભોગનો ભોગવટો લેવાને ચુકત નહી. આવી પ્રકારનો વિચાર કરતાં તેણીને બાળપણમા પ્રધાનપુત્રનું મારેલું

મેણું યાદ આવ્યાથી તે બહુ ઉદાસ થઇ ગઇ અને દીલગીરીના દરીઆમાં ડુબી મહાસંતાપ કરવા લાગી, કેટલીક રાત્રિ ગયા પછી તે પ્રેમદાએ પોતાના ગમાર સરખા સ્વામીનો હાથ પકડી તેને છપરપલંગપર બેઠો કર્યો, ત્યારેજ તે જાગૃત થયો ને પોતાની બે આંખો બે હાથે ચોળતો આડુઅવળું જોતો ભયભીત બની ફીક્કુ મોઢું કરી વિચાર કરતો હવે કે, "આ એકાએક ઇંદ્રના ઘરની અપ્સરા અહીં આવી કયાંથી? આ નવરંગી રમણીય રંભાના અંબાર સરખું તેજ આ મુરખાથી તો કેમ જીરવ્યું જાય? તે ગરીબ બ્રાહ્મણના છોકરાએ પોતાની જીંદગીની દરમ્યાનમાં આવું અલૌકીક પુતળું ન જોયેલું હોય તે શું જાણે કે આ વસ્તુ શું હશે. એની પરીક્ષા કરી શકે એટલી સતા એનામાં નહોતી. ત્યારેજ તે રઢવાયા ઢોર જેવો બની તે રાજકન્યાના ચરણમાં ઉંધો થઇ સુતો અને વિનંતી કરવા લાગ્યો કે, બાઇ સાહેબ તું કુણ છો, તારૂં રંગરૂપ જોઇ છળી મરૂં છું. અરે મારી માવડી મેં તારૂં શું બગાડી ખાધું છે કે, તુ મારૂ બગાડવા આવી છે! જાતી રહે, જાતી રહો એટલે હું સુખેથી સુવા પામું તો જોતુ મને નહીં બીવ-રાવીશ તો હું તારો મોટો ઉપકાર માનીશ, અને આવતી કાલથી હું અ-હીં સુવા પણ નહીં આવીશ, આલે મારા બાપદાદાને કોલ આપું છું પરંતુ આજનો ગુન્હો મને માફ કર. મુર્ખપતિનું આવું બોલવું સાંભળી ચંપકકલીકા બોલી કે, હું કોણ છું તે તમો મને મુદલ ઓળખતા નથી. તો પછી આ અવાસમાં બીછાવી રાખેલા ભમર-પલંગપર શા માટે આવીને સુતા છો ? મુર્ખાએ જવાબ આપ્યો કે, ના ના, હું તમને મુદલ ઓળખતો નથી કે તમે કોણ છો ! આ મહેલના માલીકના ખવાસની સમજાવતથીજ આ રંગબેરંગી દીવાનખાનામાં દાખલ થયો છું. નહીં તો મરી જાત તો પણ દાખલ થાત નહીં. દાખલ થઇને પણ મેં તમારૂં શું ખરાબ કીધું છે. ખરાબ ન થાય, આપ બાઇસાહેબ રીસે ન રાખો તેથીજ હું નીચે સુતો હતો. ચંપકકલીકા બોલી કે, "આ તમારા જમણા હાથે મિંઢોલ બાંધ્યો છે તેની કઇ રીતભાત તમે સમજો છો? મુર્ખાએ કહ્યું કે, તે મેં બાંધ્યો નથી, પણ તમારા પ્રધાનના છોકરાએ બંધાવ્યો છે તો તેની રીતભાત તે જાણતો હશે. માટે તેને બોલાવી તેને પુછી જોશો તો તે તમને તેનો ઉતર આપશે ! મુંઢના મુખમાંથી નિકળતી ભાષા સાંભળી રાજકન્યાની

આવી થઇ કે, આ ખરેખર કોઇ મહામુર્ખ છે. હવે તે કઇ જાતનો છે તે જોવા માટે તેની પાસે તેણીએ મીઠું મીઠું ભાષણ કરી તેના મનનું સમાધાન કર્યું અને મેહેલ માહેલા ચમત્કારો તથા તમામ વસ્તુઓ તેને બતાવવા લાગી પણ તે વસ્તુમાની એકે વસ્તુનું નામ તેને ખબર ન હોવાથી તે સમજી કે, આ કોઇ ભીખારીનો છોકરો છે. પછી ચિત્રશાળામાં લઇ ગઇ અને જ્યાં અનેક પ્રકારના ચીત્રો કાઢેલા હતા તે તેણીએ તેને બતાવ્યા પણ તેને કઇ તેમાનું સારૂ લાગ્યું નહી જોતાં જોતાં તેમાં તેણે ગોકુળ વૃંદાવન જોયાં, તેમાં મોટા મોટા બળદોનાં ઝુંડ લાગેલાંછે અને તેની બાજુમાં શ્રીકૃષ્ણ સહિત ગવાલો ઉભા ઉભા હાસ્ય કરેછે કેટલાક ગવાલો ગાઇ ચરેછે અને નાના કેટલાક ગવાલો વાછડાંઓને ધીકાધીક લેવડાવેછે [લડાવેછે] એ જોઇ તે ઠેકાણું માત્ર તે થોડો વખત ઉભો રહયો. પછી સારી રીતે જોઇ તે સ્ત્રીને કહેવા લાગો કે, બાઇ સાહેબ જુઓ કે આ બળદનાં ઝુંડ કેવાં લાગી રહયાંછે. કેટલાક ગોવાલીઆઓ ગીલીદાંડાનો દાવ માંડી રમી રહ્યાછે? આ જગા ઘણીજ રમ્ય દેખાયછે !! એમ બોલતાંજ રાજકન્યા મનમાં સમજી કે, આ ઢોર ઘણું ચારનારોછે. તેથી આવા મુરખ સાથે સંસારતો થનારજ નથી. આપણા જીવને વધારે વધારે કલેશ ઉત્પન થશે, અને લોકોમાં અપકારતી થશે. માટે આનો શીરચ્છેદ કરી મડદું દાસી મારફત બહેર નંખાવી દેવું. એવો ઠરાવ કરી તેણીએ તેને કહ્યું, તું મારા યોગ્ય ભરથાર નથી, જેણે કરી તારો શીરચ્છેદ કરવામાં આવશે. આવું સાંભળી બ્રાહ્મણ સાવ ગદગદીત થઇ ગયો, અને તેણીને પુછવા લાગો કે, મેં તારો કશો અપરાધ કરેલ ન છતાં શા માટે મારો નાશ કરે છે. ? ત્યારે રાજકન્યા બોલી તું મુરખ છો, તારા સાથે સંસાર કરવા કરતાં વૈધવ્ય [વીધવાપણું] ઘણુંજ સારૂ ? માટે તારો વધ કરછું એ સાંભળી બ્રાહ્મણ બોલ્યો, હું મુરખ કાં થયો ? ત્યારે રાજકન્યા બોલી, ઇશ્વરની આરાધના ન કરી તેથી તું મુર્ખ થયોછે.

મુર્ખ પતીએ પુછયું. ઇશ્વર ક્યાંછે? સ્ત્રી બોલી ગામબહાર તળાવને કાંઠે મહાકાળીનું દેવળછે ત્યાં ઇશ્વરછે, પણ તે તારા કામનું શું ? એમ કહી નાગી તરવાર હાથમાં લઇ ભરથારનું માથું કાપવા તઇયાર થઇ. તે વખતે તેણીને વીનવણી કરી અને જીવતદાન માગી બાપડો બોલ્યો, મને છોડી દેશો તો હું પાછો કોઇ દહાડો આ શહેરમાં આવીશ નહી, દેશત્યાગ કરીશ. તેનું ભાષણ

તેણીને પસંદ પડયું કારણ કે આ વાત પાપની છે તેટલા માટે પીતાને ખબર પડયા વગર રહેશે નહી, અને મારા તરફથી થતો અન્યાય મારો પીતા જરાપણ સહન કરનાર નથી, માટે આને છોડી દેવામાંજ લાભ છે. એવું મનમાં આણી તેની કમરમાં દોરડું બાંધી તેણીએ તેને બારીમાંથી મેહેલની નીચે છોડી દીધો. પછી તે બ્રાહ્મણ તે દોરડાનાં બંધથી મુક્ત થઇ નાઠો. ને દોડતો દોડતો છેક મહાકાળીના દેવલમાં આવ્યો, અને વીચાર કરવા લાગ્યો કે, હવે કયાં જવું ? આપણને જવા લાયક ઠેકાણું કોઇ નથી. તો અહીંજ દેવી સામે પ્રાણ ત્યાગ કરવો. એવું મનમાં લાવી તે પોતાની જીભ પોતાને હાથે ખેંચવા લાગો. આવો તેનો નીરધાર જોઇ પ્રત્યક્ષ સ્વરૂપ પ્રગટ કરી તેનો હાથ પકડી દેવીએ તેને પુર્ણ આશીરવાદ દીધો કે, તું જે વખત મારૂં સ્મરણ કરીશ તે વખતે અને વગર સ્મરણે પણ સંકટ વખતે હુ તને મ-દદ કરીશ એવું વરદાન દીધા પછી દેવી અદ્રષ્ટ થઇ. દેવીના વરદાનથી તે કેવળ બ્રહસ્પતી સમ મહાવીદ્વાન થયો. આ બનાવની પછી તે બ્રાહ્મણે દેવીની સ્તુતી આરંભી તે વખતે બરાબર અરધ રાત્ર વીતી ગઇ હતી. હવે અહીં ચંપકકલીકા નીત્યનેમ પ્ર-માણે સખીઓ સહ વરતમાન મહાકાળીનાં દરશને આવી તો દેવ લમાં કોઇ પુરૂષ દેવીનું સ્તવન કરેછે એવું જોઇ તેણીએ કેટલીક સંગ્નાઓ કરી, કે જેથી કરી આપણે આવ્યાનું તેને જાણ થતાંજ તે એક કોરે ખસી જાય. પણ તેણે તેણીને બીલકુલ જોઇ નહી. એકાગ્ર ચિત્ત કરી પ્રાર્થના કરેજ છે. આમ જોઇ તે રાજકન્યા સખીઓ પાસ કહેવા લાગી કે:—

શ્લોક

अनिलस्य गमोनास्ति द्विपदं नैवदश्यते ॥

जलं मध्ये स्थितं पद्मं कंपित केन हेतुन ॥ १ ॥

અર્થ—આ વખતે વાયુતો મુદલ વાતો નથી અને પ-ક્ષી અથવા માણસ પણ યાં કોઈ દેખાતું નથી એમ છતાં આ તળાવ માંહેલા પાણીમાં સ્થીર રહેલું કમળ કયા કારણસર કંપાય-માન થતું હશે ? એ સાંભળી મુખા ભાઇએ પાછળ નજર કરી જોયું તો પોતાની સ્ત્રીને દેવીના પૂજન માટે આવેલી જોઇ અને તેણીએ આ પ્રશ્ન પૂછયો એમ જાણી તેણે વળતો નીચે પ્રમાણેનો ઉત્તર આપ્યો કે:—

॥ શ્લોક. ॥

पावकोछिष्टवर्णस्यशर्वर्याबंधनंकृतं ॥
मोक्षोनलभ्यतेकांतेर्कपितंकेनहेतुना ॥ १ ॥

અર્થ—પાવક એટલે અગ્નિ એના એઠા જે કાળસા તેના જેવા રંગવાળો એટલે કાળો એવો જે ભ્રમર તે રાત્રિના કારણને માટે કમળમાં બંધાઇ ગયો છે માટે હે કાંતા તે રવિ ઉદય થવા વગર મુકત થવા સમર્થ નથી. માટે કમળ કંપાતુ જોવામાં આવ્યુ છે આ જવાબ શ્રવણ કરી ચંપકકલીકા મન સાથે બોલી કે, આ પર પુરૂષ છતા મને કાંતા કરીને કહે છે તે એવો તો ઉન્મત્ત કોણ હશે? એમ મનમાં લાવી ક્રોધયુકત મુદ્રાએ તે પાસે આવી અને જુવે છે તો પોતાનો પતિ, જેને આપણે બારીમાંથી મેહેલ બહાર ઉતારી મેલ્યો તેજ આ છે. પછી મનમાં વિચાર કરી કહે છે, આ મુર્ખ માટે આપણે આનો ત્યાગ કર્યો પણ આતો સારો વિદ્વાન દેખાય છે. આણે આપણા બોલવાનો ઉત્તર યથાસ્થિત દીધો અને આને દેવીની સ્તુતિ ગાતાં પણ સાંભળ્યો તે પરથી સિદ્ધ થાય છે કે આ કોઇ સારો સુજ્ઞ પંડીત અને કવીશ્વર છે આપણું મન જોવાની ઇચ્છાથી એણે એવો ઢોંગ તો નહીં કર્યો હોય. લાગે છે તો એમ. જો પછી એમજ હોય તો હું મહા અપરાધી ઠરીશ. અને મારા શિક્ષણને કલંક ચોંટશે. એમ જાણી તે પરમ લજ્જિત થઇ, અને ધણી આગળ બન્ને હાથ જોડી સ્વામીના ચર્ણ કમળમા મસ્તક નમાવી દીર્ઘ સ્વરે પ્રાર્થના કરવા લાગી કે, અહો ગુણીરાજ દાસીયા થયલો અપરાધ ક્ષમા કરશો. મારી અણસમજન લીધે તમારૂં જે અપમાન થયું છે તેથી હું તમારી ગુન્હેગાર છું, તેના બદલામા તમે મને જે શિક્ષા ઠેરાવશો તે માથે ચઢાવીશ. અને આંખમાથી આંસુ પાડી કરગાવા લાગી કે, અહો નૃપન્દ્રે મારો અંગીકાર કરો. તે વખતે તે બ્રાહ્મણ બોલ્યો કે, હે સ્ત્રિ, આમા તારો કાંઇ અપરાધ નથી, અને એમ કહી પોતાનું આગલું વૃત્તાંત તેણીને સવિસ્તાર કહી સભળાવ્યું અને કહ્યું કે તારો અગિકાર મે ન કરવો એમ કઇ નથી અને તે જે વર્તણુક મારે પ્રત્યેય લાવી હતી તે વર્તણુક ચલાવવામાં તું વાસ્તવીકજ હતી. જે કાળીની કૃપા મુજ ઉપર થઇ તે માર્ગ દેખાડવામાં તુ મારીગુરૂ થઇ છો માટે હવે તારે મારે પતિ પત્નિનો નાતો રહયો નથી તારે તારા પિતાને ઘેર સુખરૂપ રહેવું એમ કહી તેણીનું શાંતવન કરયુ, અને ત્યાંથી તેને રવાના કરી પછી પોતે ત્યાંથી નીકળી પડયો.

રાજા ભોજ.

હમણાં જેને ધાર અથવા ધારનગર કરીને કહે છે. તેજ ધારાનગરી ભોજરાજાનીજ રાજધાની હતી. ભોજપ્રબંધ એ નામનો એક સંસ્કૃત ભાષામાં ગ્રંથ છે, અને તે ગ્રંથમાં ભોજરાજા સંબંધી એટલીજ બાબત મળે છે કે, જ્યારે ભોજરાજાનો પિતા દેવલોક પામ્યો ત્યારે ભોજરાજા બાળક હતો. તે કારણથી (ભોજરાજાના બાપે) પોતાના નહના ભાઇને પોતાની પાસે બોલાવીને તેના સ્વાધીનમાં આખા રાજપાટને સપુરત કરીને એવું કહ્યું કે, "મારો પુત્ર ભોજ, જે આ ધારાનગરીની રાજધાનીનો ખરો હક્કદાર ને માલિક છે, તે હાલ બાળવયમાં છે. તેથી તેનાથી આ રાજ ચલાવી શકાય તેમ નથી. માટે કરીને આજથી હું આ સર્વ પ્રકારથી સમૃદ્ધિ પામેલું રાજ્ય, તારા તાબામાં સાપુ છું અને તે રાજનું યથાન્યાયથી સંરક્ષણ કરીને સકળ પ્રજાનું પુત્ર પ્રમાણે પાળણ કરજે. અને આ ભોજ ઉમરલાયક થાય ત્યારે કુળશીલ યોગ્ય વધુ જોઈને તેના વિવાહ કરજે, ને પછી આ રાજ્ય એને હવાલે કરી તું આનંદથી વિશ્રાંતિ લેજે."

આ પ્રમાણે બાંધવ આગળ છેવટની વાતચિત કરીને ભોજરાજાના બાપે પોતાનો પ્રાણ પોતાના ઉત્પન્ન કર્તાને સ્વાધીન કર્યો. ભોજરાજાના કાકાનું નામ મુંજરાજા કરીને હતું. ધારાનગરીનું રાજ્ય અનાયાસે જ્યારે હાથ આવ્યું ત્યારે મુંજરાજા નિષ્પક્ષપાતપણાથી ને અદલન્યાયથી તે ચલાવતા હતા. તેથી ધારાનગરીની સમગ્ર પ્રજા મુંજરાજપર ભોજરાજાના પીતા માફક ગણીને પ્રીતી રાખતી અને તેને દેવ સમાન ગણી માન આપતી હતી. પોતાના ભત્રીજાને વિદ્યાભ્યાસ સારો કરાવવા એવો વિચાર મુંજરાજાને થવાથી, તેણે ભોજરાજાને નિરનિરાળા વિષયો શિખવવા સારૂં જૂદા જૂદા ગુરૂ ને ઉપગુરૂ રાખ્યા હતા. આ ગુરૂઓના ઉત્તમ ઉપદેશથી ભોજરાજાની બુદ્ધિ કમળ સરખી દીનપ્રતીદીન ખીલતી ચાલી.

નાનાપ્રકારની વિદ્યા, કળા કૌશલ્યના શિખવામાં બહુ સારી રીતે ચિત્ત પ્રોવાને અભ્યાસ કરતો હતો. અને તેમાં સારી સરસ ન્યાય વ્યાકરણ, તર્ક ને કાવ્યકળા આ વિગેરે ભોજરાજા શિખ્યા હતા. સોળવર્ષની ઉમ્મરમાં આવતા સુધીમાં, ભોજરાજાએ

સર્વે પ્રકારની વિદ્યાનું જ્ઞાનસંપાદન કરી લીધું હતું. ને સંબંધી તેને ઉપદેશ કરનારા ગુરૂઓને પૂર્ણ ખાત્રી થયાથી તેઓએ धार्युं કે. "હવે એક વખત રાજપુત્રની પરીક્ષા રાજસભાની અંદર લેવરાવવી. ને તે સંબંધી આપણે મોટું ઇનામ મેળવી જીવનપર્યંત આનંદથી વિશ્રાંતી લેવા સારૂ સૌ સૌને ઘેર નિકળી જવું." આવી પ્રકારનો વિચાર ભોજરાજાને શિક્ષણ દેનારા સર્વ શિક્ષકોએ પોતપોતાના અંતઃકરણમાં કરવા લાગ્યા. ને તે સંબંધી એકમેકની ભેટ લઈ વિચાર કરવા લાગ્યા. સેવટ એકત્ર થઈ એક દિવસે તે વિચાર કાયમ કીધો અને મુંજરાજાની આગળ જઈ વિનંતી કીધી કે, "મહારાજા, એક વખત આપે રાજપુત્રને સભામાં બોલાવી પરીક્ષા લેરી, અને અમારા શ્રમનું સાર્થક થાય એવું કાંઇક કરવું." આ પ્રમાણેની ઉપદેશકોની પ્રાર્થના સાંભળતાંજ મુંજરાજાએ કહ્યું કે, "ફિકર નહી, આવતી કાલે સર્વ સભાસદ દરબારમાં આવે એટલે રાજપુત્રને સાથે તેડી તમે આવજો, એટલે આપણે સર્વ સાથે મળીને તેની પરીક્ષા લઇશું. એટલે તમારા પરીશ્રમનું ફળ તમને મળશે." આ પ્રમાણેના રાજવચન શ્રવણ કરતાંજ તે લોકો બહુ આનંદ પામ્યા અને સૌ પોતાને સ્થાનેક ગયા. તે દિવસની રાત્રીએ પોતાના શિષ્ય (ભોજરાજા) ને જણાવ્યું કે. આવતી કાલે રાજસભાની અંદર તમારો કાકો તમારી પરીક્ષા લેનાર છે, માટે સર્વ વિષયોનો યોગ્ય રીતે ઉત્તર આપવાને તૈયાર થઇ રહજો." આ સમાચાર સાંભળવાની સમયે ભોજરાજા જો કે બાળક હતો તોપણ તે ગભરાયો નહતો, ઓર તેના અંગમાં શૂરાતન છુટયુ હતુ. અને શૂરાતન છુટવાની સાથે સ્પષ્ટ રીતે બોલવા લાગ્યો કે, "ખુશીની સાથે સભાની સમક્ષ મારી પરીક્ષા આપવાને તૈયારછુ". શું હું મારા આરંભેલા કામને બટ્ટો લગાડીશ; અને મને સરસ્વતી દેવીના પવિત્ર મંદીરનો માર્ગ દાખવનાર ગુરૂજનોની કીર્તીને કાળો દાગ ચોટવા દઇશ."

બિજે દિવસે ભોજરાજાની પરીક્ષા રાજસભામાં તેના ગુરૂઓ અને તેનો કાકો લેનાર છે. એવું જાણ થતાંજ આખી ધારા નગરી આનંદથી પ્રફુલ્લિત થએલી જોવામાં આવી. પરીક્ષા લેવા સારૂં એક સ્થળની યોજના કરવામાં આવી હતી. તે સ્થળને અચ્છી રીતે સણગારી રંગબેરંગી ધ્વજા, તોરણ

બાંધી અતિ ઉત્તમ ને શુશોભિત બનાવી દીધું હતું, અને ઠરાવેલે વખતે જુદા જુદા વિષયોની પરીક્ષા લેનારા પરીક્ષક પધારી સભામંડપમાં યોગ્ય સ્થાનેક વ્યવસ્થિતપણાથી બેઠા, "રાજાસાહ રાજપુત્ર ને તેના ગુરૂ ક્યારે આવશે તે રાહ જોના બેઠા" રાહ જોતા ખડેલા નાગરિક લોકો આ કીસોર રાજકુમારની પરીક્ષા જોવા સારૂ અત્યન્ત ઉત્સુક ચ્હેરે પ્રફુલ્લિત થઇ અરસ પરસમાં વાતો કરતા બેઠ કે, ધન્ય ભાગ આપણા કે આજે આપણે હવે પછી થનારો આપણા પતીની પરીક્ષાનું પરીણામ જોવાની ટક પામ્યા છે. મુંજરાજા પોતાના રાજકીય પરીવાર સમેત આવી સિંહાસનપર બિરાજમાન થયો, તે સભા મંડપમાં પ્રવેશ થતાજ, સર્વ સભાસદ, સરદાર તથા તેના તાબે તળેના રાજાઓએ અને ઉલટેલી સમગ્ર ધારા નગરીએ જયજયકારના ઘોષથી તેને વધાવી લીધો. પછી એકઠા થએલા શેઠ શાહુકારો, ગામગરાશીઆઓ, અમલદારો સરદારો, ને અધીકારીઓએ મુજરો કર્યો. તે દિવસે સભાની કંઇક વિલક્ષણ સોભા થયેલી જોવામાં આવતી હતી. મુંજરાજા પોતાના ભાઇની પછી પુષ્કલ વર્ષ રાજ ચલાવ્યું, પણ તે દિવસ સમાન સભાની રચના તેને કદીએ જોયલી ન હતી. સર્વ સભાસદો ને હવે પછી થનારા [illegible]પાતના ઉપદેશકો પોતપોતાના નેમેલા સ્થાનકે પધારી બિરાજમાન થયા છે અને રાજમંડપમાં કિસોર કુમાર વગર અવર હવે આવવાનું બાકી રહ્યું નથી એવું જાણવા છતાં કોઇ રહી ન જાય એવા હેતુથી ફરીને પોતાની પૂર્ણ રીતે ખાત્રી કરી લેવા સારૂં મંડપમાં દ્રષ્ટીગોચર કરી લઇને મુંજ રાજાએ પોતાના મુખ્ય મંત્રીને હુકમ કર્યો કે, "સર્વ પ્રકારની સામગ્રીઓની તૈયારી જો થઇ રહી હોય તો, પરીક્ષાના શુભકામનો આરંભ કરવો" મુંજરાજાના મુખારવિંદમાંથી નિકળતી વાણીનો સ્વર પ્રધાનને કાને અથડાતા ઝડપ કરતાં તંત્રી ઉઠી ઊભો થયો અને મંડપમાંથી દોડતો દોડતો રાજાની આગળ આવી નિવેદન કર્યું કે "અધીરાજા, સર્વ સાજ સિદ્ધ છે કોઇ પણ કામની ન્યુનતા હોય એવું હવે મને મુદ્દલ લાગતું નથી" તંત્રીના વચન શ્રવણ કરતાજ મુંજરાજાએ રાજનીર વીદ્યાવીલાસી રાજકુમાર ભોજને મંડપમાં પ્રવેશ કરાવવા સારૂ ચોપદારને મોકલાવ્યો.

"મારો કાકાજી, આવતી કાલે મેદનીથી ભરપુર ભરી રહેલી સભાની દરમીયાન મારી પરીક્ષા લેનાર છે." આવું વાક્ય તેની જાણમાં આવતાંજ, ભોજના અંગમાં આનંદ સમાયો સમાય નહીં? ને આનંદરૂપી સાગરમાં મોજાની પેરે આમથી તેમ ઉછળવા લાગ્યો, અને સમીરના સપાટાની સમ શુદ્ધ મનની સાથે વાત કરવા લાગ્યો કે, "માત્ર વચમાં આજનીજ રાત છે." પોહ ફાટતાંજ મારી પરીક્ષા લેવાની ધામધુમો ચાલશે ? આખી મેદની ઊલટી મારી પરીક્ષાનું પરિણામ જોવાને આવશે ? ગમે તેવી રીતે મારી પરીક્ષા લેશે તેવી રીતે હું પરીક્ષા આપીશ ને જોવાને આવનારા ગુણગ્રાહીક ગુણીજનોના અને વિદ્યાના વાદીઓના મનને તૃપ્ત કરીશ ત્યારેજ મારા ગુરૂજનોની કીર્તીમાં વધારો થશે અને મારી પાછળ ગુમાવેલો સમય સાર્થક થયેલો ગણાશે અને ત્યારેજ મારી પ્રજાનું ચિત્ત મારાપર ચોટશે અને મારા પિતા ને કાકના કરતા અધિક માન મને આપી પોતાના એક રાજકર્તા તરીકે સ્વીકારશે. મારી કસોટી કસવા સારૂં મારા કાકાએ ઊલટથી જે કામ આરંભ્યું છે તે કામને ઇશ્વર નિર્વિઘ્ને પાર ઉતારશે એવી જગસ્વામી પ્રત્યે મારી પ્રાર્થના છે. જો મને આજને આજ પરિક્ષા આપવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતતો હું અવશ્ય જરૂર ખુસુસ કરીને વગર અચકાતે આપત ? પણ "ચિતા નહિ કાળ કયાં દૂર છે." કહ્યું છે કે, "જીવતો નર ભદ્રા પામશે." તેમજ જો હું સહુ-વારના "ભાનુના દર્શન કરવા પામીશ તો હું મારી ઉમેદને પણ પામીશ" ? પોતાના મનને આવી રીતે દૃઢ કરી પછી વધારેવાર વધુ વિગતનું વિવેચન ન કરતાં ટુંકમાં પતાવી નાખી પોતાના થકી ગયેલા શરીરને વિશ્રાતી આપવા સારૂં શયનગ્રહમાં ગયો ને સુખકારી સૈયામા સુખેથી સુતો. સુતા પછી પણ જેમ સા-ગર મોજાના મારથી કિનારાપરના કાદવને ધોઈ સ્વચ્છ કરી મનોહર બનાવી દેછે, તેમ ભોજના અંતરરૂપી સાગરના મોજાના મારથી તેના શરીરપર વાસ કરી રહેલી મલીનતાને ધોઇ નાખી તેના સ્વાર્ગ શરીરને કમળ સમ બનાવી દીધું. કે જેથી તેની મનોહર કાન્તી શશીસમ પ્રકાશ પામતી ગઇ અને છવાઇ રહેલા તિમરને હઠાડતી તેની ચંચળતાની વૃદ્ધિ કરતા ગઇ. તેવાજ પરીક્ષાના દિવસનો પહો ફાટયો. કે રાજાભોજ બિછાનામાંથી આળસ મ-રડી ઊભો થયો ને મુખમાર્જનાદિક નિત્યનેમ કટ આટોપી

લક્ષ અને ઉત્સાહથી પ્રાત સ્મરણ કર્યું. સ્મરણ કર્યા પછી સ્નાન ગૃહમાં જઇ સ્નાનસંધ્યા, પિતૃતર્પણ, નિત્યદાનાદિક આહ્નિક કર્મો કરીને પ્રસાદિક મેવામીષ્ટાન આરોગી લઇને નિવૃત થયા. નિવૃત થયા પછી પોતાના પુસ્તકાલયમાં જઇ, સાથે લઇ જવાના સાહિત્યો તૈયાર કર્યાં. તે પછી રાજમંડપમાં જવા સારૂ પોતાનો લીબાસ પહેરવાની તૈયારી કરી. અમરાનગરીના અધિપતિને પણ વિસરાવે એવો લિબાસ ધારણ કરી લીધો. "વખતતો વિતિ ચાલ્યો તોપણ મારા કાકાજી મને કેમ બોલાવતા નથી. શું આજે મારી પરિક્ષા લેવી નથી, કાલ ઉપર મુલતવી રાખી" આવી પ્રકાર મનને મનમાં મોહથી મનની સાથે વાત કરતા અને કાકાજીના તેડાની રાહ જોતા ઉભો." એટલામાં રાજધાનીના ચોપદાર નિચા રખ્યા મહેરબાનની છડી પોકારતા જાજના પુસ્તકાલયમા દાખલ થયા.

ચોપદારે બહુજ સભ્યતાથી ને નમ્રતાથી બંને કર જોડી માથું નમાવી ભુટણીએ પડી રાજકુમારને કહેવા લાગ્યો, કે "અહો ધરાધિપતિ, અધિરાજ, આપે કીસોર વયમાં જે વસ્તુનો ઉપયોગ કરવો જોઇયે, તો તે ન કરતાં અથાગ મહેનત ઉઠાવી સારદા સદનનું સેવન કર્યું છે તેનું તાત્પર્ય જોવા સારૂ રાજઅધેના સર્વ અધિકારી ને નાગારિક લોકો સમેત આપના કાકાજી સભાની અંદર વિરાજમાન થયલા છે તેમજ તે સ્થળે આજ પર્યંત જેણે તમને સર્વોત્કૃષ્ટ વિદ્યા શિખવેલી છે તે તમારા સર્વ શીક્ષકો પણ આવી બેઠા છે, તે સર્વે ત્યાં તમારી રાહ જુવે છે તો આપ ત્યાં પધારી આપના પવિત્ર પગલા મુકીને મંડપને શોભાવશો. આપના આવવાથી સર્વેના મનમાં આનંદ ઉત્પન્ન થશે એટલીજ દાસાનુદાસની વિનંતી છે. તમામ ખલકત આપના દીદાર દેખવા સારૂં એક પગે થઇ રહી છે ચોપદારનું વિનયયુક્ત ભાષણ સાંભળતાજ કુમારને બહુ ખુશી ઉત્પન્ન થઇ અને આનંદમા તલ્લિન થઇ સભામાં જવા સારૂં ચોપદારની સાથે નિકળ્યો. તે શુભ ટાંકણે નાના પ્રકારના મંગળ વાદ્યો વાગવા લાગ્યા અને કેટલાક ભાટચારણો ને બંધીજનો તેના વંશજોના યશનું વર્ણન કરતા અને હર્ષધ્વનીની ગર્જના કરતા ને તેને માર્ગ દાખવતા આગળ ચાલવા લાગ્યા. આવી રીતની ધામધુમથી રાજાભોજ સભામાં દાખલ થયો, દાખલ

તાંજ સમગ્ર સભાએ તેને પુષ્પગુચ્છથી વધાવી લીધો ને એક અવાજથી ઉચ્ચાર કરી બોલી કે, "ભાગ રાજા સકલ જગતમા" તમારો જયજયકાર વર્તો ! એક પદને પામો ! અને તમારા ઉજ્વલવંશના અચળ રાજના અમલને પામો ? પિતાશ્રી પુત્ર નિપજી પ્રજાનું પાલણ કરતા થજો ! તમારા દુર્લભ દર્શનના લાભથી આજે અમારા પાતકો ધોવાઇ ગયા છે ? આવી પ્રકારના આશીરવાદના ગગડાટથી આખી સભા વરસાદની માફક ગાજી રહી હતી. આ વાજતાજના થઇ રહેલા કડકડાટની અંદર મુખ્ય પ્રધાન પોતાની જગ્યાપરથી ઉતરી તરત ભોજરાજાની સન્મુખ આવી સન્માન આપી, આદર સત્કારથી તેનો હાથ પોતાના જમણા હાથમાં ઝાલી તેને માણેક મોતીથી મઢેલા સિંહાસનપર બેસાડયો. ભોજરાજાને સિંહાસનપર બિરાજેલા જોઇ ઊલટેલી મેદની હર્ષની ગર્જના પુનઃ કરવા લાગી અને તે તેની બાલકની ચપલતા, ધૈર્યતા ને સમયોચિતપણું નિરખતાંજ એક અવાજે કહેવા લાગી કે, "હવે આ પોતાનું રાજ્ય ચલાવવા લાયક થયો છે" પરમેશ્વર એને દીર્ઘાયુ કરો ! અને તેની ઉપર પોતાની ખરી પ્રીતી છે એમ સ્વચ્છ રીતે મુંજરાજાની સમક્ષ કંઇપણ ભિતિ ધર્યા વગર દર્શાવવા લાગી.

"રાજ્ય તૃષ્ણા અને સંપતિની લાલસા એ મોટામાં મોટી ભયંકર ને નાશકારક વસ્તુ છે." એમ જે મોટા મોટા તત્વ શોધકો લખી ગયા છે તે ખરૂં છે એમ કબુલ કર્યા વગર ચાલશે નહીં ખ્રિ. સ. પૂર્વે બની ગએલા બનાવોના દાખલા સંબંધી આપી આલમ માહિતી ધરાવે છે એવું જાણીને અત્રે ટાંકી બતાવવાનું વ્યાજબી બતાવતા નથી. પરંતુ હાલના જમાનામાં કેવા કેવા કૌતકો બને છે તેમાથી એકાદ દાખલો વાચનારને રૂચશે એવુ ધારીને એક જગપ્રસિદ્ધ દાખલો આપું છું. હાલના સમયના લોકોની નીતિ રીતિમાં કેટલો બધો ફેરફાર થઇ ગયલો છે પોતાનો સ્વાર્થ સાધવા સારૂં સગા બાપને કે સગા ભાઇને અંતકાલની અણીએ લાવવાને ચુકતા નથી. તો પછી ઇષ્ટ મિત્ર કે અજાણ્યા પુરૂષને તો કેમ ઝડકામાંથી છટકો સુજશે ? એક શેઠ પોતાના ચાકરની પાસેથી બરાબર સત્તર કલાક કામ કરાવે છે. અને તે કામ કરાવવા માટે એવા તો કઠીણ કાયદા ઘડી રાખે છે કે ન પુછો વાત ! બિચારો ચાકર કામ કરતા થાકે તોપણ કઠોર

મનના શેઠો કામ કરાવતા ન હાકે?" ઘાચીના બેલની માફક સમજીને તેની પાસેથી કામ લેછે. અને જો નિરૂપાય થયલો ચાકર, કામથી હાકી ગયલો, રાંક ચાકર જરાક કામ કરવાની આનાકાની કીધી કે નિરાધારા નોકરની પુરી કમબખ્તી સમજવી? શેઠના કિંવા શેઠના રાખેલા કારભારીઓના જુલમથી જ્યારે કામકાર ત્રાસ પામે છે ત્યારે તે તેવી નોકરી કરવાને સાફ ના પાડે છે ત્યારે તેના પગારપર કાતર ચલાવવામાં આવશે પગાર માટે રખડાવશે. અને અનેક પ્રકારના વિટંબણાથી તેને સંકડાસમાં લાવી તેને નહસાડશે. દયાહીન શેઠની ચાકરી કરનારો લાચાર ચાકર જ્યારે પોતાનો પગાર શેઠની પાસે માગવા જાય છે ત્યારે તુમાખી શેઠ રોપચીજ વાત કરશે કે જા, જા, તારો પગાર તને આપવામાં નહીં આવે, હાજીસ ખાતે જપ્ત કરવામાં આવશે. વધારે વાત કરીશ તો તારા પાસેથી નુકશાની ભરી લેવામાં આવશે અને એથી વધારે ગડબડ ચલાવીશ તો પોલીસને સ્વાધીન કરીશ અને તારા ઉપર ચોરીનો આરોપ મુકીશ" આવા પ્રકારની ધમકી બાપડા મંજુરને એ આપીને ઉપરથી બે ચાર લાત બુકી ચડાવીને, હાંકી મુકે છે ઉપરાત શેઠ કરતા પણ દુષ્ટ સ્વભાવના તેના કારભારીઓ હોય છે તે કાચા કાનવાળા શેઠને આડુઅવળું સમજાવી પોતાની હુશિયારી દાખવવા માટે ગરીબ ચાકરોની કમબખતી કરવામા પણ બાકી રાખતા નથી? કહો ત્યારે આવા નાચાર થઇ પડેલા ચાકરનો બેલી કોણ? કોઇ નહી? પ્રિય વાંચનારાઓ ગરીબ ચાકરની પાસે સખતમાં સખત કામ કરાવી લેવામાં હુશિયાર ગણાતા અને પગાર આપતી વખતે કઠોર વર્તણુક ચલાવતા ઘણાક શેઠો અને તે રેંજી પેંજી જેવા પણ નહી. પણ ખામાં ખપનારા અને ગાડીવાડીમાં ફરનારા નામચાદ શાહુકારો આ મુંબઇ શહેરમાં નજરે જોતા હશો. તો પછી બીજા અધમ લોકો પોતાના પેટનું પોષણ કરવા માટે પાપી કામ કેમ નહી કરતા હશે વારૂ? જ્યારે આ જમાનાના લોકો આ પ્રમાણે વરતતા આપણે નજરો નજર જોઇએ છીએ ત્યારે પુર્વના લોકો તેવું કર્તવ્ય કર્મ કેમ નહી કરતા હશે વારૂ? તેજ કાનુન મુજબ મુંજરાજ પોતાના ભત્રીજા ભોજ સાથે વર્તણુક ચલાવે એમાં નવાઇ જેવું કશું નથી. ભોજરાજાના બાપે મરણ સમયે પોતાના રાજની ચાવી પોતાના બંધુ બાંધવ મુંજરાજના

હસ્તક કરી ! તે ગયાન્યાયે રાજ્ય ચલાવતો હતો. ખાં-
અવતો ખા પોતાના તનુજ સમાન જાણી ભોજરાજાપર
અતુલ પ્રેમ તો હતો તેજ આજ પ્રત્યક્ષ પોતાની સામે
પોતાના કુમારની ઉપર પ્રજાની અનહદ પ્રીતિથી એમ
એની ખાસ ાજ બાબત સરપો બની ગયો અને તેજ સમગે
તેના મનમાં જાગ માટે દ્વેશભાવ ઉત્પન્ન થયો ને પ્રીતિભાવ
ઉડીગયો ભાઈનો પુત્ર નથી પણ કોઇ શત્રનો પુત્રકે એમ
એના મન ગાંઠ બંધાણી, તેની આંખમાંથી જે અમૃત
ઝરતુ હતુ તેને બદલે ઝરવા લાગી. તોપણ તે વ-
ખત તેમાંને શબ્દ પણ તે ની રાકયો નહી અને મુગડ
જેવા બની મનને ગી ગુપચુપ બેસી રહયો. પોતાની બદલ
ગયલી જત સુજ્ઞ લોકોના જાણુમાં ન આવે તેટલા સારૂ "ઉ-
પરતો આછોબનો ભીતરખાનો રામજી જાણે" એ કહેવત પ્રમાણે
મોઢું હાવકુ કરી સકલ સભાને રૂડુ મનાવવા લાગો અને ભોજ-
ના વખાણુ કરી તેની પરીક્ષાની નિરક્ષા કરવા માટે તેમેલા પ-
રીક્ષકોની પાસે ભોજરાજાની જુદા જુદા વિષયોની પરીક્ષા લે-
વાનું કામ ચાલુ કરયુ. પછી તેમાં શુ પુછ્યુ. "કદી મોરના ઇંડા
ચીતરવા પડતા હશે" એમ જેમ પરીક્ષકો તરફથી પ્રશ્નો પુ-
છાતા ગયા તેમ તેમ તેનો ઉત્તર સ્રીસ્તર રીતે સર્વે સમજાઈ
શકે તેવી રીતે આપતો ગયો. જ્યારે કાવ્યકળા માટે તેને પ્રશ્ન
પુછવામા આવ્યો ત્યારે તેનો તેણે એવી સરસરીતે ઉત્તર
કવિતામાં રચીને આપ્યોકે સકલસભા દીગમુઢ બની ગઈ.વારંવાર
"વાહવાહ શાબાશ!! ધન્ય છે તમારી તીવ્ર બુદ્ધીને" અની ઉત્તમ
અને ચઢીઆતા ને સમાજ સમજી સહે તેના સરળ ઉતર આપ્યો.
આમ લોકોના મુખમાંથી સાબાસની ગર્જના ગરજી રહી હતી.
તેમ તેમ તે ગરજનાથી સિંહાસનપર બેઠેલા મુંજરાજાના રદયમાં
આગ લાગવા લાગી અને તે આગના બલથી તેના મુખપરની
લાલી બલી ખાખ થઇ ગઇ અને તમામ મુખ શ્યામવરણુ થઈ
ગયુ? કારણુ કે તેના અંતરમાં અદેખાઈના અંશે પ્રવેશ કર્યો તે-
થીજ તેનું રૂપાતર બદલાઇ ગયું. ભોજરાજાના પરીક્ષાનુ પરી-
ણામ સારૂ નિવડવાથી સભા મેઘની પેઠે ગર્જના કરવા લાગી કે
અમારા નવીનના યોગે કરીને રાજા સર્વગુણુ સપન્ન નિવડયા
છે એમ સર્વ નાગરીક જનો ને અમલદારો મોટા માંડલીક

રાજાઓ મુંજરાજા સાંભળે તેમ મોટા અવાજથી ખુલ્લે ખુલ્લી રીતે કહેવા લાગ્યા. ન્યાય, વ્યાકરણુ, મિમાંસા, તર્ક ને રાજનીતિ એ વિષ્ય તો ભોજરાજાનું ખરૂ ઘર છે એવી સર્વ લોકોને ખાત્રી થયા પછી છેવટે રેવત ઠેકાવવાની તીર ટાંકવાની, નીશાન માંડવાની, ભાલા લગાવવાની, પટ્ટા ખેળવાની ઇત્યાદિ મુખ્યે પ્રયોગી પરીક્ષા સાંજ સુધી લેવામાં આવી. અને સર્વ બાબતમાં ભોજરાજ નિપુણુ નિવડયા છે. એમ સર્વ સભાસદોને પૂર્ણ ખાત્રી થયા પછી, સભામાં બિરાજમાન થયલા મોટા મોટા ગૃહસ્થો અને અમલદારો મુંજરાજા આગળ આવી મોટા આનંદથી કહેવા લાગ્યા, જેમ જેમ શ્રીમંતો અને તેના ગુરૂજનો ભોજ રાજાની બુધીના વખાણુ કરતા ગયા તેમ તેમ મુંજરાજાની મતીમાં સંડો પેસતો ચાલ્યો. અને તે બળવાને લીધે આનદિત ચ્હેરે રહી જવાબ આપી લોકોના મન મનાવવાને ઘણી યુકતી કરી પણ તેની યુકતીએ તેનેજ માટી જેવો બનાવી દીધો તે પણુ જેમ તેમ કરીને મનને ઠેકાણે લાવી લોકોની આગળ પોતાની ખુશી જાહેર કીધી. અને ભોજરાજાના શિક્ષકોની યોગ્યતા પ્રમાણે ઇનામ આપી તેની તેણે રવાનગી કરી આપી. તે પ્રમાણે સર્વે સભા સમક્ષ ભોજરાને પોતાની પાસે બોલાવીને સાબાસી આપી અને તેને તેના મંદિરમાં પધારવાની આજ્ઞા કીધી. પેટના બળાપાથી બળી ગયલા મુંજરાજાએ ચોપદારને આજ્ઞા કરી કે સત્વર સભા વિસર્જન કરવાની છડી પોકારવી, ચોપ દારે છડી પોકારી એટલે સકળ સભા પોતપોતાના ઠામે ગઈ. અને મુંજરાજા પોતાના વિચાર ભવનમાં પ્રવેશ કરી એકાંતે એકાગ્ર ચિત્તે ભોજરાજાનો ઘાટ ઘડવા માટે તે વિચાર કરવા બેઠા. મુંજરાજા એકાંતમાં એકલો બેસીને વિચાર કરતા કરતા મનની સાથે વાતો કરવા લાગ્યો કે-"હર હર!! દુનીયા કેવી સ્વાર્થી થઇ ગઇછે. સ્વાર્થ સર્વો કે ગરજ મટી. એતો જોઇ લીધાં મ-જાજનોની બુદ્ધ કેટલી કઠોર થઇ ગઇછે. તે બાપનો ગતકાળ થયા પછી અતિશય કાળજેથી એક ક્ષણું પણુ આરામ ન ભોગ-વતા હું અદલ ન્યાયને કાંટે રાજ ચલાવતો હતો. પ્રજાને ઇન્-સાફ આપતો હતો એના સુખે સુખ અને એના દુ:ખે દુ:ખ જાણી એના પ્રત્યે હું વરતતો હતો પણુ તેની કોઇએ કદર બુ-ઝી છે!" કેવા ગુણાનાભાવ દોષ" કહ્યું છે કે દયા દાક્ષણુને

આય" તેમ આ પ્રજા મને આજે કરડવા ધાઇ છે અને આ ભોજડાની હુશીયારી જોતાજ મારી આજ્ઞાનો અનાદર કરી, તેના બાપની ને તેના નામનો જયજયકાર કરી રહીછે આ પ્રકારની રીતભાત ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, હવેથી રાજપદ ભોગવવા પામીશ નહીં. જો સાપને ઉછેરી મોટા કર્યો ન હત તો શું તે આજ મને કરડવા આવત? પણ મે તો મારો માની ધારીનેજ એને આવી સ્થિતીએ લાવીઓ તેજ મારો આજ કાળ થઇ ઉભો છે, માસ છમાસ પછી પણ તે મને રાજભ્રષ્ટ કરી પોતાની મરજી મુજબ રાજ્ય ચલાવવાને સત્વર તૈયાર થશે, અને તેના સાહસને રાજ્ય મધેના સર્વ અધીકારીઓ પ્રજા અને માંડલીક રાજાઓ તેના એક શબ્દપર રીઝીને સાહાય કરનારજ? એ આજના પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી લીધુંછે તો પછી આ મારા ઉત્પન્ન થયલા રીપુનો નાશ કરવાનો ઈલાજ બતાવનાર મારો ખરો હીતેચ્છી મારા પ્રાણ સિવાય બીજો કોણછે." આ ભોજ નક્કી પણ કોઇ બોરીંગનો અવતાર છે ને પહેલા ભવનું વેર બાળવાને માટેજ ઉત્પન્ન થયેલો હોય એમ એની મનોવૃત્તી ઉપરથી સિદ્ધ થઇ શકેછે. પુત્રના પગલા થતાજ પિતાનો પ્રલય થયો, ને હવે મારી વારી આવીછે તે અવસ્ય કોઇ પણ પ્રકારે મારા સો વરષ પુરા કરશે એવી ખાત્રી મને થઈ ચુકીછે. માટે ચેત્યા ત્યારથીજ સહવાર સમજીને એનોજ અંતકાળ આણવાને મથીશ તોજ મારો જન્મારો સુધરશે? આ પ્રમાણે અનેક પ્રકારના વિચારો દોડાવ્યા પછી તેના પોતાના તાબા તળેના એકાદ સરદારને બોલાવી લાવવાને શિપાઇને મે કલ્યો આ સરદાર ભોજના બાપની અકૃપાથી દુર થયેલો હતો અને તેથી કરીને તે સરદાર રાજ્યની સેવા ન બજાવતાં ઘેર બેસી પોતાનો સમય ગુજારતો હતો. તેને મુંજ રાજાનો સંદેશો પહોંચતાંજ તે મુંજરાજાને દરવાજે આવી ઉભો, તેને આવતા જોઇ મુંજરાજા ઉભો થયો, અને તેની સામે ગયો, અને તેનો જમણો હાથ પોતાની બગળમાં ઘાલી આદરસત્કાર કરી અંદર લાવ્યો. અને પોતાના અર્ધઆસનપર બેસાડયો. અને પોતાના મનની મુળમુદ્દાની વાત પર આવવાની આગમજ, તે આવેલા સરદારને પુછ્યું કે "તમે હાલ શું કરો છો હમણાંતો તમે મારા જોવામાં મુદલ આવતા નથી. ઇત્યાદીક વાતોના તડાકા લગાવા લાગ્યો. પણ તે સરદાર પૂર્વના રાજાની અપ્રીત પામેલો

હતો, તોપણ તે મોટો ધૂર્ત શિયાળો ને અકલબાજ હોઈને રાજકુટુંબઉપર ભકતીભાવ રાખનારો વિશ્વાસુ હતો અને ભોજ પ્રત્યે તેની પ્રીતી પણ હતી. એવું તો મુંજરાજા મુદ્દલ જાણતો હતોજ નહીં. જ્યારે તે સરદારે કહ્યું કે, "મહારાજ આપની અમીરૂપી છાયાની તળે વસતા અમસરખા ગરીબ લોકોને કદી દુઃખ પડતું હશે? અમને સઘળી પાંતીનું સુખ છે. તો કૃપા કરીને કહો કે, આ પ્રસંગે મારૂં કામ આપને શું પડ્યું છે. તે જો સેવકને ફરમાવશે તો તે સેવક બજાવવાને તૈયાર છે. જો એકાદ શત્રુ મદોન્મત થઇ આપને મચક નહીં આપતો હશે તો તેનું મદોન્મતપણું તોડવાને પણ હું તૈયાર છું. માત્ર ખોટી આપના હુકમની? હુકમ થતાંજ તે કામ પાર પડ્યું છે એમ તમે નિશ્ચેજ જાણજો, આજ મહારાજની મુખમુદ્રા ચિંતાથી વિટલાઇ ગઇ હોય એમ મને લાગે છે અને તે દુર કરવા સારૂ મને એકાંતમાં બોલાવવામાં આવ્યોછે. છતાં પણ તમે ખરી બીનાથી મને વાકેફ કરતા નથી અને આડી અવળી વાતો કરી વ્યર્થ વખત ગાળો છો. કદાચ તમે એમ માનતા હશો કે તમારી વાત જો એક કાનેથી બીજે કાને નહીં લઇ જવાની હોય, અને ગુપ્ત રાખવાની હશે તો તે તમારી ગુપ્ત વાતને જીવજાય પર્યંત કોઇની આગળ જાહેર કરીશ નહી, વિશ્વાસ રાખી આરંભેલા કામનો અંત આણવાનું મને સોંપો ને પછી આપ અંતઃપુરમાં જઇ કલોલ કરો. જ્યારે હું તમારા કામને પાર પાડી તમારા મનમાં ઘર કરી બેસી રહેલી વ્યથાનો જડમુળથી ઊછેદ નાખી સદા તમારા સુખની વૃધિથવા લાયક માર્ગ ખુલ્લો ન કરી આપું ત્યારે આક્ષત્રી આણીને કુખે પાકેલો ખરો ક્ષત્રી ઓડકાર ન માનતા કોઇ ઓર માણીને કુખે અવતર્યો જાણજો."

આ પ્રમાણેનું તે સરદારનું ભાષણ સાંભળતાજ, મુંજરાજાના મુખપરની ઉદાસી સત્વર ઉડી ગઇ ને આનંદના ઓડકાર આવવા લાગ્યા, તેથી તે સ્વચ્છ મને તેને કહેવા લાગ્યો કેઃ— "અહો તમારા સરખા સ્વામિભક્ત, એકનિષ્ઠ ને પરાક્રમી સરદાર પોતાના અધિકાર પ્રમાણે રાજસેવા બજાવવાને તૈયાર છતાં અમારા વડીલ બંધુએ પોતાના અખીકારના બળથી તમારી ચાકરી છીનવી લીધી છે તેદહાડે હું ઘણા દિવસથી ખેદ

પામતો હતો, પણ નાચાર, સંધી આવ્યા સિવાય મારાથી કાઇ પણ પ્રકારે તમારૂં રૂડું થાય તેવી પ્રકારનું કામ કરવાને હું અ-શક્ત હતો. પણ સંધી હાથ આવતાજ મેં તમને બોલાવ્યા છે અને તે દરમ્યાન મારૂં જે કામ બજાવવાનું છે તે તમારે પાર ઉતારવાનું છે. અને જો તે કામ પાર પાડી આપશો તો હું તમને મારો આજથી જમણો હાથ ગણીશ. મેં મારા સમજીને તમને એક અલાહદુ કામ સોંપવાને બોલાવ્યો છે. તે કામ ફક્ત એટલુંજ કે માથે ગરજી રહેલા શત્રુનો નાશ સત્વર કરવો. અને તેનો નાશ કર્યા પછી એ સંબંધી એક પણ સર ખાને પણ ખબર ન પડે એવી પ્રકારની સાવચેતી રાખવી જોઇશે જો તમે મારા કામને વગર ભય અને વગર ચેતાવે પાર પાડી આપશો તોજ મારા અંગમાં વ્યાપી રહેલી આગ ઓળવાશે નહીં તો કદી ઓળવાવાની નથી. માટે કમ્મર કસી સાવધાન થઇ બહાદુરીથી સોંપેલા કામનો અંત આણી આવો એટલે તમે સુખાનુભવ લેના થઇને આનંદથી આરામ લેતા થાઓ.

આ પ્રમાણેનું મુંજરાજાનું માર્મીક ભાષણ શ્રવણ કરતાજ તે સ્વામીભક્ત સરદારના મનમાં શંકા ઉત્પન્ન થવા લાગી, તો પણ તેને માટે તે ક્રોધ ન કરતા અત્યંત નમ્રપણાથી હાથ જોડીને મુંજરાજાને કહેવા લાગ્યો કે, “મહારાજા તમે જે મારમીક શબ્દોમાં બોલો છો તે મારા સરખો એક સીપાઈ શું સમજી શકે ! માટે તમારા મનમા જે વાત હોય તે ખુલ્લે ખુલ્લી રીતે કહેશો તોજ હું સમજી શકીશ,-તોજ તે હુકમ શીરસમાન ગણી આપને નિષ્કાળજી કરવાને એક ક્ષણનો પણ અવકાશ મને લાગનાર નથી એવું સાંભળતાજ મુંજરાજા તે સરદાર પ્રત્યે બોલ્યો કે:-હે મહાવીર સાંપ્રત આ રાજ હું ભોગવું છું. પણ છેવટ સુધી આ રાજ લક્ષ્મી મારા તાબામા રહે એવું મને લાગતું નથી, તેનું કારણ આજ ભોજ રાજાની પરીક્ષા થઇ ત્યારે તું સભામાં હાજર હતો, તો તે સમયે જે બનાવ બન્યો હતો, તે તારા જાણવામાં આવ્યોજ હશે. તોપણ કેહેવાનું માત્ર એટલુંજ કે, જો તું મારૂં હીત ઇચ્છતો હઇશ તો કોઇપણ તદબીરથી ભોજનો નાશ થાય તેવી યુકતી શોધી કાઢ. જો ભોજનો ઘાટ ઘડવાની યુક્તી જેમ બને તેમ જલદીથી કરીશ તોજ તું ને હું આ અપાર વૈભવવાળા રાજ્યનું સુખ ભોગવવા પામીશું.

એક રાજ્યની લાલચને ખાતર પોતાના પુત્ર સમાન ભત્રીજાનું ખુન કરવાને તૈયાર થયેલા આ લોભી રાજાના મુખમાંથી આવી વાત બહાર પડતાજ તે સ્વામીભક્ત ચાકરને પગથી માથા સુધી અગ્નિ હાડેહાડ વ્યાપીગઈ અને નશો નશમાં રૂધિર ઉછળવા લાગ્યું તોપણ હાલ તે દ્રઢમનના વિચારવંત સરદારે પોતાનો ખરો વેશ ન બતાવતા તેને કેવી રીતે ઉત્તર આપવો તેને માટે ઘણી બારીકીથી વિચાર કરવા લાગ્યો કે, "જો હું આ વખતે મારો મીજાજ ખોઇ નાખીને રાજાના અંગપર ધસી જઈને તેનું કામ કરવાને સાફ નાપાડીશ, અને તેના આ અઘોર કર્તવ્યને જગતમાં ઉઘાડું કરી દહેશ દીવા તેવું કામ નહી કરવા માટે અનેક પ્રકારનો ઉપદેશ આપીશ તો પણ એને કંઇ રૂચનાર નથી. કારણ કે એતો હમણાં બાર ગાઉમાં અધારૂ દેખેછે. તેથી તે પોતાનું કાર્ય કરવા માટે નિચ પાપી ગુલામોની મારફતે નિરદોષ બાળરાજાનો નાશ કરાવશે જ તો પછી શું કરવું? માટે એમ નહી. રાજાનો હુકમ પણ માન્ય રાખવો ને બાળરાજાનો પણ પ્રાણ ઉગારવો આ જેવો બીજો કોઈ સરસ ઇલાજ હાથ આવવાનો નથી?' કંઇ વાર સુધી મનમાં વિચાર કર્યા પછી, બંને હાથ જોડી, મુંજ રાજાને કહેવા લાગ્યો કે, "મહારાજ, તમારા મનોદય પ્રમાણે મને એક આજ્ઞાપત્રીકા લખી આપો, એટલે લાગ શોધતાજ ભોજ રાજનો કાટ કાઢવાને ઠીક બની આવે. પણ જો જો, આવું મહાપાપ, અઘોર કર્મ, નહી થઇ શકે એવું શાસ્ત્ર વિરૂદ્ધ કર્તવ્ય મારી પાસે કરાવો છો તો ખરા, પણ ત તમે કરાવ્યું છે ને મેં કીધું છે એમ જો પ્રજામાં જાહેર ચર્ચા થવા દીધી તો મારી સાથે તમારૂં પણ બુરૂ થશે. ને તે ભોજરાજાની પ્રજા તમને કે મને જીવતા રહેવા દેનાર નથી." હવેથી તમે આ કામ માટે મને વારંવાર પુછશો નહી, કીંવા ખાનગીમાં બોલાવી તે સંબંધી એક શબ્દનો પણ ઉચ્ચાર કાઢશો નહીં, જ્યારે મને લાગ આવશે ત્યારે ભોજને અરણ્યમાં ઉપાડી જઈશ અને ત્યાં તેના શીર્ષ પર્વ પુરા કરી નાખીશ? જાણે ભોજે આ જગતમાં જન્મજ ધર્યો નહતો? અને તેના મરણ સમયની નિશાની લાવી તમારા મનની ખાત્રી કરીશ. તે માટે આજ દીવસથી હવે તમે નિર્ભય રહો?" આ પ્રમાણેનું તેનું ભાષણ સાંભળતાજ મુંજરાજાને અતી આનંદ ઉત્પન્ન થયો. ને તેને તાબડતોબ

ભોજને ઠાર કરવા માટેનો તે એક લખિત હુકમ અને અમુલ્ય ઝવેરાત ને પોશાક આપીને સરદારને ત્યાંથી વિદાય કર્યો.

રાજલોભી દુર્યોધનની પેઠે ઉદમત બનેલો રાજા મુંજ પોતાના ભાઇનું પ્રીય નવાંચતા તેનુ અપ્રીય કરવાને તૈયાર થયો અને તેના ઉગતા છોડનું નિકંદન કાઢવા સારૂં પોતાની મતીને ભ્રષ્ટ કરી, "કેવો ઉપકારનો બદલો અપકાર" પણ કહ્યું છે કે, જ્યાં "રામ રાખે ત્યાં કોણ તેને ચાખે" એતો મુંજરાજા મુદલ સમજતો હતોજ નહીં. ભોજને આ જગતમાં વધારેવાર જીવવાનું છે, સુખ ભોગવવાનું છે, કીર્તિ યશ મેળવવાનો છે તો પછી તે કેમ માર્યો જાય. મુંજરાજાએ તો ઘણુંએ કીધું તેને મારી નખાવવા માટેનું કામ એક નોકરને પણ સોપ્યું તે સંબંધી એક દસ્તાવેજ પણ લખી આપ્યો ને હવે પછી જાણે ભોજ રાજા જન્મયોજ નથી એમ માની મુંજરાજા બેફિકરો બની વિક્રાળ સિંહની પેઠે વર્તવા લાગ્યો પણ પ્રિય વાંચનાર હવે તું જોઇશ કે તે નિમકહલાલ સરદાર પોતના પાળક પતીના પુત્રનું કેવી રીતે રક્ષણ કરે છે. તો તે નિમકહલાલ સરદાર મુંજરાજાના ઠાંઠા કલમ કરી એકદમ ભોજ રાજાના ગૃહમાં આવ્યો અને તેને શિકારે લઇ જવાને સમજાવ્યો. બિચારો ભોજ, વિશ્વાસું હતો અને તેના અંતરમાં મુદલ પાપ હતુંજ નહીં, તેથી તે સરદારની સાથે શિકારે જવાનું વચન આપ્યું. વચન આપ્યા પછી ઠેરાવી રાખેલા ઠેકાણે બીજે દિવસે ભોજરાજા પોતાના માણસોમાથી કોઇ પણ માણસને સાથે ન લેતા તથા તે સંબંધી કાઇ વાત ન કરતા પોતે એકલો પોતાના મંદીરમાંથી બહાર પડ્યો. ને આજુબાજુ ન જોતા ચુપચુપ તે સરદારને ઘેર આવ્યો. તો તે સરદાર ઠેરાવ કર્યા પ્રમાણે પોષાક પેહેરી હથીયાર બાંધી તેની રાહ જોતાજ બેઠો હતો. એટલામાં ભોજરાજાને આવતો જોતાજ તે પોતાના ચપલ રેવત ઉપર સ્વાર થઇ તેની સાથે ચાલતો થયો. ઉભય જણો ઘોડાને ફેંકતા ફેંકતા સુર્યોદયની અગાઊ તે ધારા નગરીથી દશ કોશ છેટે આવેલા એક અઘોર અરણ્યમાં જઇ ચઢયા. પછી તે સરદારને, જે મુંજ રાજાએ ભોજરાજાને ઠાર કરવા માટેનો લેખીત હુકમ લખી આપ્યો હતો, તે તેણે પોતાના ખડીયામાંથી બહાર કાઢી ભોજ રાજાના હાથમાં મુકયો ને કહ્યું કે, "અહો ધારાધિપતી! આ પત્ર તમારા કાકાએ મને આપ્યો છે. ને તેમા

લખ્યા પ્રમાણે મારે તમારી સાથે વર્તવું પડશે. માટે વાંચો ને ખાત્રી કરો, આ દસ્તાવેજ તમારા કાકાનો છે કે બિજાનો છે. ને જો તમારા કાકાનો છે તો પછી તે માટે તમારો શું વિચાર છે, તેનો ખુલાસો તરત મને કહીદો." આશ્ચર્યચકીત વૃતથી ભોજ રાજાએ પ્રથમ તો પોતાના કાકાના અક્ષર ઓલખ્યા, અને તેણે જે સરદારને જે કામ ફરમાવ્યું હતું, તે કામ કરવા સારૂં ધૈર્યથી તે સરદારને કહ્યું કે, "એ નિમકહલાલ નોકર તું તારા શેઠની નોકરી બજાવવાને માટે આવ્યો છે તો તે બજાવ, આ ભોજ મરવાને તૈયાર છે." મરવાને તૈયાર થયલા ભોજને જોતાજતે સરદાર આશ્ચર્ય પામ્યો. પણ તે સરદારના મનમાં તેના પ્રાણનો નાશ કરવા માટેનો યત્કિંચીત વીચાર પણ ન હતો, તોપણ તે ભોજના ધૈર્યની વધારેવાર પરીક્ષા લેવી એવું ધારીને તે ભોજને કેહવા લાગ્યો કે, "મહારાજ, અમે ચીઠીના ચાકર, માટે અમારે સ્વામીની સેવા વેદવચન પ્રમાણે પુજ્ય સમજીને માન્ય કરવી પડે છે એવું તો આપ જાણો છો. ત્યારેજ રાજાના હુકમ સાંભળી તમે પણ મરવાને તૈયાર થયા છો. પણ એમાં હું તો નિર્દોષ છું, પણ, તમારો કાકો ગુન્હેગાર છે. તો હવે વધુવાર વિચાર ન કરતા પ્રભુપ્રાર્થના કરી લો, અને તમારા કાકાનો કાંઇ કેહવરાવવાનું હોય તો જો મને કહેશો તો તે હું મોટી ખુશીની સાથે કહીશ. હવે આપ પૂર્વ તરફ મુખરાખી બેસો એટલે એક પલમાં તમારૂં કામ પૂર્ણ કરી શેહેરમાં નીકળી જાઉં" આવા પ્રમાણેના વચનો સાંભળતાંજ ભોજરાજા કહેવા લાગ્યો કે, "જ્યારે તારી એવી ઇચ્છા છે તો કહું તે તું તારા લક્ષમાં રાખજે, અને તે તુને વ્યાજબી લાગે તોજ કહેજે નહીતો કંઇ જરૂર નથી. અહો, નિમકહલાલ સરદાર, તમે મારો વધ કરી જ્યારે શેહેરમા જાઓ ત્યારે મારા કાકાને મારા તરફના એ બોલ કહેજો કે, "બહુ લોભ અંતે પાપનું મુલ છે." અંતે ધર્મે જય છે ને પાપે ક્ષય છે, કેમકે આ ક્ષણભંગુર સંસારનું ક્ષણીક સુખ ભોગવવા માટે મારા જેવા એક નિરપરાધી બાળકનો પ્રાણ લીધો છે? રાજ સમૃદ્ધિ ભોગવવા માટે અનેક રાજાઓએ અનેક કુકર્મો કર્યા હશે તોપણ તે રાજસમૃદ્ધિ સુખે ભોગવી શક્યા નથી? અને ધર્મશિલ દયાવંત રાજાઓના જેવા—નળ, રામ, યુધિષ્ટિર. શિબી ઇત્યાદિક અનેક

પુણ્યશ્લોક નૃપતિ આ ભુમીને ભોગવી મરણકાળને સમજી રાજસંપતી બીજાને સોંપી પરલોક ખાલી નિકળ્યા છે પણ કંઈ સાથે લઇ જવા પામ્યા છે? તે પછી શું તમે એનો ચિરંકાળ ઉપભોગ લઇ શેવટે વૈભવ સહીત સ્વર્ગમાં કિંવા પરલોકમાં જયા પામશો કે? કદાચ એવું તમે માનીને મારો નાશ કરાવ્યો હશે, તો તેમ કરવામાં તમે મોટી ભુલ કીધી છે. ખેર મરવું એકજ વખત છે, કંઇ બે વખત નથી એવું જાણી હું આ મારો જીવ મારા ઉત્પન્ન કર્તાને હવાલે કરી મુકયો છુ પરંતુ જ્યારે તમે રાજલક્ષ્મી સહને લઇ પરલોકમાં આવશો ત્યાંસુધી તમારો માર્ગ પ્રતિક્ષા કરતો ત્યાંજ રહીશ એટલા માટે મારી ઇચ્છા પૂર્ણ કરવાને અનુમાન કરશો નહીં છેવટે તમને મારા અનંત અને અક્ષયી પ્રણામ છે” કહે હું ઇશ્વર સ્મરણ કરૂછુ તો હવે તમે તમારા મનોદય પ્રમાણે કિંવા રાજઆજ્ઞા પ્રમાણે તમારૂં કામ કરીને, ત્વરથી તમે નગરમાં જઇ પહોંચો એવું હુ ઇચ્છું છું. જીવ આપવાને ઉદાર થયલો ને ધૈર્યવાન બનેલો ભોજ જ્યારે નિચે માથુ નમાવી બેઠો ત્યારે તે સમયનો ભયભીત દેખાવ જોઇ તે દયાવંત સરદારને કંપારી છુટી ને તેના નેત્રોમાથી અશ્રુની ધારા છુટી એક ક્ષણનો પણ અવકાશ ન લેતા તેણે પોતાના હાથમાં ધરેલા હથીયારોને એક બાજુ ફેંકી દીધા અને ભોજ રાજાના ચરણપર માથુ નમાવી તેને કહેવા લાગ્યો કે, “મહારાજ, ધન્ય છે ધન્ય તમારી ઔદારતાને! તમારી હીંમત અને તમારૂં ધૈર્યપણું વખાણવા લાયક છે. એટલા સારૂજ આ કામ માથે ઉઠાવી આવ્યો છું. તો હવે તમો મારીબરોબર પુનઃ નગરમાં ચાલો અને આપના દુષ્ટ કાકાને ખબર ન પડે ત્યા સુધી મારા ઘરમાં રહો. હું કાંઇ તમારો જીવ લેવા માટે આવ્યો નહોતો પણ તમારો જીવ ઊગારવા માટેજ આવ્યો હતો એ આપ ખાત્રીપુર્વક માનજો. એમ કહીને ભોજ રાજાને ઉભોકરી આલીગન આપ્યું ને સાંય-કાળ થાય ત્યાંસુધી અરણ્યમાં રહ્યા ને બરોબર રાતપડી ને માણુસ માણુસને ઓળખે નહી એવી રીતે અંધારૂં થયું ત્યારે કોઈના જાણવામા ન આવે એવી રીતે ભોજ અને પહેલો સરદાર નગરમાં દાખલ થયા. ભોજરાજા શેહેરમાં ફરતા ફરતા ને રાજ દરબારમાં નજરે ન પડયાથી પ્રજા જનોને ને દરબારીઓને બહુ

ચટાપટી થવા લાગી અને તે કેમ નજરે પડતા નથી તેની ખાનગી તપાસ ચલાવવા લાગ્યા પણ ભોજનો પત્તો લાગે શાનો ભોજતો ક્યારનો કાળના પંજામાંથી છુટીને ધર્મ રાજાના ઘરમાં નીરાંતે બેઠોછે. મોટા મોટા શ્રીમંતો અને મોટા મોટા અમલદારો ભોજ ક્યાંછે હાલ કેમ દેખાતાં નથી તેની પુછપરછ મુંજરાજાની પાસે કરવા લાગ્યા પણ મુંજરાજા શું કહે, જ્યારે બહુ થયું ત્યારે તેણે કહ્યું કે, ભાઇઓ ભોજ ક્યાં ગુમ થઇ ગયોછે તેની મને મુદ્દલ ખબર નથી. અને તેનીજ સોધમાંજ હું છું પ્રજાના મનને સંતોષ આપવા માટે મુંજરાજાએ ઢંઢોરો આખા દેશમાં પિટાવ્યો. ને તે સરદાર ભોજ રાજાને મારી તેની નીશાની ક્યારે લાવશે તેનું સ્મરણ કરતો બેઠો.!

પણ સરખો પણ ન જાણી શકે તેવી રીતે ભોજરાજાને રાત્રે શહેરમા લાવીને તે સરદારે પોતાના ઘરમાં રાખ્યો. અને તેના અંગપરના સર્વે વસ્ત્ર ઉતરાવી નાખી બકરાના લોહીમાં ભીજવીને બીજે દિવસે સહજમાં મુંજરાજાને દેખાડયા. તે બત્રીજાના રૂધીરથી ભરેલા પોશાક જોતાજ મુંજને બહુ આનંદ ઉત્પન થયો ને કબુલાત પ્રમાણે તેણે તે સરદારને બક્ષીશો દીધી અને તે પોતાનો વિશ્વાશુ નોકર છે એવુ પ્રસિદ્ધ કરી તેની આબરૂ વધારી દીધી. ખરૂં કહીએતો તે પછી મુંજરાજા આનંદમાં કાલક્રમણ કરવાનો વિચાર કરવા લાગ્યો. પરંતુ તેના ચિતને જે એક પ્રકારનો ઉદ્વેગ ઉત્પન થયો છે તે ગમે તેટલું કરવાં છતાં તેનો હેતુ પાર પડવા દે નહી. વધુ શું કહેવું? તે ચિંતાથી અતી દુ:ખમાં પિડાવા લાગ્યો, ને તેનો અંતકાલનો સમય સામે આવી ઉભો. એમ વારંવાર તેના મનમાં ભાસવા લાગ્યું ત્યારે છેવટે તેણે જે સરદારને ભોજ રાજાને મારવાનો હુકમ દીધો હતો તેને પોતાના પાસે બોલાવ્યો અને પુછયું કે "અંતકાળે ભોજે મને કેવા માટે કંઇ તને કહ્યું હતું કે? એમ પુછયું ત્યારે તે સરદારને મોઢે જે જે શબ્દો કહ્યા હતા તે મુંજરાજાને કહી સંભાળાવ્યા તે સાંભળતાજ એવો ચમત્કાર થયો કે, મુંજરાજાની સ્થિતી બગડતી ચાલી તેમ તેમ તે મુંજરાજા એક સરખો " હે ચતુર બાળક ભોજ? હવે તું મને ક્યારે ભેટીશ? એમ મોટા મોટા કાઢીને રડવા લાગ્યો. તે સરદારે ભોજરાજાને ઉત્તમ પોશાક પહેરાવી મુંજરાજાની સામે લાવી હાજર કીધો

તને ભોતાજ મુંજે તેને છાતીમાં દાબ્યો ને તેના પાસેથી દુષ્ટ કર્મો બદલ ક્ષમા માગી ને સર્વ રાજ્યાધીકાર તેને દઇ પોતે તપોવનમાં ચાલી નીકળ્યો. પછી ભોજરાજા પોતાની કુલશીલા યોગ્ય વધુ જોઇ તેના સાથે લગ્ન કર્યાં અને મોટી ખબરદારીથી અને ચાતુરીપણાથી રાજ્ય ચલાવવા માંડયું.

એક દિવસને સમયે ભોજરાજા કચેરી ભરીને બેઠા છે. તેવા સમયમાં કાળિદાસ કવી આવી ચડયો તેને ભોજરાજાને આશીર્વાદ આપી પોતાની વિદ્વતાની ખરી છાપ મારી બતાવી તેથી ભોજરાજા બહુ ખુશી થયો અને તે દિવસથી કાળીદાસને પોતાની દરબારમાં પંડિત તરીકે રાખ્યો. અને ત્યાર પછી રાજાભોજ અને કાલીદાસની વચ્ચે જે સંવાદ ચાલ્યા હતા તેની જેટલી હકીકત હમને હાથ આવી છે અમારે તેટલી નીચે થી શરૂ કરીએ છે.

વાર્તા ૧ લી

એક દિવસ ભોજ રાજા પોતાની પટ્ટરાણીના મેહેલમા ગયો. તો તેની સ્ત્રી અને તેણીની દાસી એકાંતમાં ગુંજવાત કરી રહ્યાં હતાં તેટલામાં એકાએક રાજા તે સ્થળે પ્રાપ્ત થયો માટે રાણીએ તેને કહ્યું કે “ આવો મૂર્ખા” એ સાંભળી રાજા વિસ્મિત થયો, અને વિચાર કરીને મનમાં બોલ્યો જે, મારા હાથથી કાંઇ મુરખપણાનું કામ થયા વગર એકાએક રાણી મને અપશબ્દ બોલે નહીં. પણ શું મુરખપણું થયું એ તેના ધ્યાનમાં આવે નહીં તેથી કચેરીમાં સૌ પેહેલો આવીને સિંહાસન પર બેઠો તે રાજાની સભામાં ૧૪૦૦ ચઉદસો પંડિતો હતા તેમાં પેહેલો જે પંડિત આવે તેને રાજા “ આવો મુરખો” એમ કહેવા લાગો, એમ થતાં થતાં તમામ પંડિતો આવી રહ્યા અને તે રાજાના બોલ સાંભળી બોલ્યા વગર આશ્ચર્યતાથી ગુપચુપ આસને બેસતા થયા. છેવટે કુલકવિમાં ગુરૂરૂપકાળીદાસ સભાસ્થાને દાખલ થવા તેને ભોજે તેવી રીતે કહ્યું, તે સાંભળી કાળિદાસે ઉત્તર આપ્યોકે:—

॥ શ્લોક ॥

खादन्न गच्छामि सहन्नजल्पो गतन्नशोचामिकृत मन्ये ॥
द्वाभ्यां तृतीयोनभवामि राजन्किंकारणं भोज भवामिमूर्खः॥१॥

અર્થ—ખાતાં ખાતાં રસ્તે જવું, હસતાં હસતાં બોલવું, ગઈ વસ્તુનો શોક કરવો, મેં અમુક બાબત કરી એવું પોતાને મોઢેથી પોતાના ગુણનું વર્ણન કરવું, બે જણાં જ્યાં છાની વાત કરતાં હોય તે ઠેકાણે ત્રીજાએ જવું, કાળિદાસ કહે છે, કે હે રાજા એ પાંચ ગુણો જેના વિશે રહ્યા છે તે મુરખ ગણાય. મારા હાથથી તો તેમાંનો એકપણ દોષ બનેલો ન છતાં તે શા કારણે મને મુરખ કહ્યો! પોતેજ મુરખ છે એવું રાજા સમજીને બને લો વૃતાંત કાળિદાસ પ્રત્યે નિવેદન કરી સ્ત્રિ વિષેનો રાગ ભોજે શાંત કર્યો.

—:o:—

વાર્તા ૨૭

એક દિવસે ભોજ રાજા મેહેલમાં છે એમ જોઈ તેની સ્ત્રી હાથને વિષે ચંદનપુષ્પાદીનું પાત્ર લઈ મહેલમાં દાદરો ચડી, મેડીપર જાય છે તો હાથમાંનું ચંદનપાત્ર પતન પામ્યું. તે દાદરાને અગિયાર પગથીઆ હતા તે પરથી તે વાસણ પછડાતું જવાથી ઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠઃ એવો શબ્દ થયો તે સાંભળી બીજે દિવસે રાજા સભામાં આવી જે પંડિત આવે તેને પુછે કે, ઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠંઠઃ આ શ્લોકનાં પછ-વાડે ત્રણ ચરણ શું છે તે કહી સમશ્યા પુરી કરો. પણ કોઈ પંડિત કહેવાને શક્તિવાન થયો નહીં છેલે કાળિદાસ કવિને પુછતાં તેણે શ્લોક પુરો કર્યો.

॥ શ્લોક ॥

भोजस्यभार्या मद विह्वलाया । करोस्थितं चंदन हेमपात्रं ॥
सोपानमार्गे प्रकरोतिशब्दं । ठंठ ठंठंठं ठठठं ठंठंठः ॥ १ ॥

અર્થ—ભોજ રાજાની સ્ત્રી કામશરે કરીને વ્યાકુળ હોવા છતાં હાથને વીશે સોનાના વાસણમાં ચંદન લઈ દાદરો ચડી મેડીપર જાતજાતાં હાથમાથી ચંદનપાત્ર ગળીત થઈ ગયું. (પડી ગયું) જેણે કરીને ઠંઠંઠંઠં (એવી રીતે) શ્લોકના ચોથા ચરણ પ્રમાણે શબ્દ થયો આ પ્રમાણે કવિએકનું વચન સાંભળી ભોજ રાજા અતિ હર્ષ પામ્યો.

વાર્તા ૩ જી

કોઈએકસમે ભોજરાજા કામની સહવર્તમાન અંતઃપુરમાં શેત્રંજી દાવ રમતો હતો એટલામાં એકાએક પગનો ઠેસો લાગવાથી હાથી હડયો. તે પાસે એક ઉખળ (ખાંડણીઓ) પડયો હતો તેમાં જઈ પડયો. તે જોઈ બીજે દિવસે સભામાં આવી રાજાએ પંડિતને પ્રશ્ન કર્યો કે " હવે જુવો ગજ કેતો ઉખળે બુડયો રે" તે વખતે કાળિદાસ કવિ કહેવા લાગ્યો કે,

॥ શ્લોક ॥

રંગ મહેલમાં રમે રાય રાણી, બુદ્ધી બળની રમત જાણી
છોવટનો મોહોરો ચરણે હડયોરે, હવે જુવો ગજ કેવો ઉખળે બુડયોરે

આ પ્રકારની કવિતા સાંભળી રાજા પરમ આનંદ પામ્યો અને કવિશ્રેષ્ટને મોટા આદરથી સભામાં સત્કાર દેતો થયો,

—:૦:—

વાર્તા ૪ થી.

એક દિવસે ભોજ રાજા મેહેલમાં બેશી નદી તીરે ચમત્કાર જોતો હતો. તો એક જુવાન સ્ત્રિ નદીપર સ્નાન કરવા ગઈ. તે રૂતુ સ્નાન (અટકાવ વાળી) થઈ માટે સ્નાન ન કરતાં પાછી આવી. એ અવલોકન કરી બીજે દિવસે સભામાં આવી પંડિતોને રાજાએ પ્રસ્ન કર્યું કે, " ગઈ પરંતુ તારૂણી વળીનેજ આવી" આજે શ્લોકનું ચોથું ચરણ છે એવો તે શ્લોક બોલો. ત્યારે બધા પંડિતો વિલેવદને બેશી રહ્યા. તે વખતે કાળિદાસ કવિ કહે છે હે રાજા કહું છું તે સાંભળ.

॥ શ્લોક ॥

કાર્તીક માસે શર ગૌતમીને, જતે ગોરી ગંગાસ્નાનેજ આવી;
માર્ગેજતાં રૂતુ સુતેજ ધાવી, ગઈ પરંતુ તારૂણી વળીનેજ આવી

અર્થ—કાર્તક મહિને એક જુવાન સ્ત્રિ શર ગૌતમી એ ગંગા ઉપર નાહાવા જતાં રસ્તામાં રૂતુવંત થઈ. તેથી નાહ્યા વગર ફરી ગઈ. તે સાંભળી રાજાના મનનું સમાધાન થયું.

—:૦:—

વારતા ૫ મી

એક દિવસે ભોજરાજા ગોપુરા પર જઈ સાંજ વખતે વિશ્રાંતી લેતો હતો. ત્યારે એક વિધવા સ્ત્રિ કપાળે સિંદુરનો ચાંડલો કરી માર્ગે ચાલી જતી જોઇ જેથી બીજે દિવસે સભામાં આવી રાજાએ પંડિતોને પ્રશ્ન કર્યો જે—"સિંદૂર બિંદુ વિધવા લલાટે" એ વાક્ય શ્રવણ કરી સર્વે પંડિતો સ્તબ્ધ થયા હવે કોઇ ઉત્તર દેતું નથી એમ જોઇ કાળિદાસ કવિ બોલ્યો, રાજા હું કહું છું સાભળ.

॥ શ્લોક ॥

નમતી હતી વિધવા શંભૂને મસુરદાળ ચોંટી વચ્ચ ભને ॥
વિસ્મીત થયા તમે તે માટે સિંદૂર બિન્દુ વિધવા લલાટે ॥ ૧ ॥

અર્થ--વિધવા સ્ત્રિ શિવાલયમાં જઇ શંકરને નમઃસ્કાર કરતી હતી. ત્યાં શિવભક્તે મસૂરની દાળ મહાદેવજીને અર્પણ કરી હતી. ને દાળમાંથી એક દાણો તે વિધવાનાં કપાળને ચોંટી રહ્યો હતો. તે તેણીને ખબર ન રહેવાથી કપાળે એમનો એમ લાગીજ રહ્યો હતો. હે રાજન તે તારા જોવામાં આવ્યો. આ પ્રમાણે સાંભળી રાજા સમાધાન પામતો થયો.

વાર્તા ૬ ઠી

ધારા નગરીને વિશે પરમ ચતુર રૂપવંતી અને જુવાન એવી એક વેશ્યા રહેતી હતી. તેણીને ઘેર કાળિદાસ જતો હતો. તે સ્થળે ભોજરાજા પણ ગુપ્તપણે જવા લાગો. પણ એકમેકનો મેળાપ વેશ્યાએ તે જગોએ થવા ન આપ્યો. તોપણ આ વાત પરસ્પરમાં તે લોકો જાણતાજ હતા. જેથી કાળિદાસને ત્યાં પકડવા ભોજરાજા બહુ ફાં ફા મારતો હતો, પણ તે ઠેકાણે તે ઉભયની ભેટ થઇ નહીં. ત્યારે રાજાએ વેશ્યાને કહ્યું જે, આવતી કાલે કાળિદાસ આવ્યા પછી તારે કહેવું જે, તમે મુછુ સુદ્ધાં બધાવાળ બોડાવી આવો તો હું તમારે વશ થાઉં એમ કહી તેની પાસે મુંડણ કરાવવું. એમ કહી રાજા ગયો. પછી બીજે દિવસે સાંજના જ્યારે કાળિદાસ આવ્યો, તે વખત વેશ્યાએ તેને રાજાજ્ઞા પ્રમાણે જાણે પોતાજ હૃદયથી પોતાની ગાઢતુ કહેતી હોય તેમ કહ્યું. કાળિદાસે ઠીકછે

કરી મુંડણ કરાવી નાખ્યું. તે મનમાં સમજ્યો કે આ કામ રાજાનું છે હવે જરૂર કાલે આપણી ફજેતી ઉડાવશે પછી અર્ધ રાત્રિ પાછા જતી વખતે તે વેશ્યાને એમ કહેતો ગયો કે. હવણાં રાજા તારે મંદિરે આવશે. ત્યારે એમ કહેજે કે, રાજા "તું ગધેડા પ્રમાણે શબ્દ કરીશ તો હું તારે વશ થઇશ." પછી કાળિદાસ નિકળી ગયો. અહીં કાળિદાસ ગયોને થોડો વખત થયો એટલામાં ભોજ વેશ્યા ભવને આવી બેઠો. ગણિકાએ ગાયન અને નવા નવા નૃત્યથી નૃપતીને રીઝાવ્યો. પછી રાજા સંતુષ્ટ થયો એવું જોઇ વેશ્યા રાજા પ્રત્યેક કહેવા લાગી કે, આપ એક વખત ગધેડા પ્રમાણે પોકારશો તોજ હું આપની મરજીને અનુકુળ આવતી વર્તણુકથી વરતીશ. ત્યારે રાજા વિષયાંધ થઇ ગએલો હોવાથી મનસાથે બોલ્યો જે અહીં કોણ જુવેછે હું બોલ્યો એ કોઇને ખબર પડનાર નથી. કાળિદાસ વિષે તેના મનમાં આવ્યુંજ નહીં. માટે તેણે ખર પ્રમાણે ખોંખારો મારી રાડ કાઢી. પછી વેશ્યાસાથે ભોગવિલાસાદિક કરી સવારે સભામાં આવ્યો. તે દિવસ અમાસ હતી. કાળિદાસ જ્યારે સભામાં આવ્યો ત્યારે ભોજે પૂછ્યું કે.

॥ श्लोकर्ध ॥

कालिदास कविश्रेष्ठ किंते पर्वणि मुंडनं ॥

અર્થ—હે કાળિદાસ સર્વે કવિઓમાં તમે શ્રેષ્ટ છતાં આજ અમાસને દિવસે કઇ સુપર્વણીમાની ક્ષોરે (મુંડણ) કરાવ્યું તે કથન કરશો ?

॥ श्लोकर्ध ॥

राजा गर्दभ गायंते तत्र पर्वाणि मुंडनं ॥ १ ॥

અર્થ—આજ એજ પર્વ, રાજાએ ગધેડા પ્રમાણે ગાયન કર્યું માટે અમારા જેવા બ્રાહ્મણોને ક્ષોરેજ કરવું પ્રાપ્ત થયું. આ કાળિદાસનું મર્મભેદક ભાષણ શ્રવણ કરી ભોજ રાજા પોતાના મનમાં ખચીત સમજ્યો કે, કહો કે ન કહો પણ આ કોઇ પ્રાણી છે એમ જાણી સમાધાન પામ્યો.

વારતા ૭ મી

કોઈ નવો શ્લોક કરી લાવે તો ભોજ રાજા એક લાખ રૂપિયા આપતા, એવી ભોજની ભારી કીર્તિ દેશાવરોમાં ગાજી રહી હતી. ત્યારે ધનંજય નામનો એક કવી હતો તણે નવો શ્લોક બનાવ્યો.

॥ શ્લોક ॥

अपशब्द शतं माघे मारवेच शतत्रयं ॥

कालिदासेन गण्यते कविरेको धनंनयः ॥ १ ॥

અર્થ – માઘ કાવ્યમાં સો અપશબ્દ છે ભારવી મધ્યે ત્રણુસો અને કાળીદાસની કવિતામાં કેટલા અપશબ્દો હોય છે તેનું તો ગણીતજ નથી. અસંખ્ય છે, અને મારી ધનજયની કવીતામાં એકજ અપશબ્દ છે. આ પ્રમાણે શ્લોક લખી ધનંજય કવીએ પોતાના શિષ્યને આપી રાજ કચેરીમાં મોકલ્યો તે લઇ શિષ્ય રાજ કચેરીમાં જતાં રસ્તામાં કાળીદાસની મુલાકાત થઇ તેણે તેને ક્યાંથી આવ્યો અને કયાં જાય છે એમ પુછયું ત્યારે ધનંજય કવીનો શિષ્ય એમ કહી શ્લોક લઇ રાજયમાં જાઉં છું એમ જણાવ્યું તે વખતે કાળીદાસે કહ્યું કે શ્લોક કેવો છે તે જાઉ? ત્યારે શીષ્યે શ્લોક દેખાડયો. તમાં પોતાની નીંદા કરી છે એમ જોઇ કાળીદાસ શીષ્યને કહે છે કે તે આખો સારો છે પણ તેમાં એક કાનો ચુકયો છે તે ત્વાર આવ્યો હોય તો રાજા કવીની સંભાવના સારી કરે એ સાંભળી શીષ્ય કાળીદાસને કહેવા લાગો, મહારાજ કૃપા કરીને જે કાનો કમી છે તે લગાવી દેશો તો મારા ગુરૂપર અને મારાપર મોટી કૃપા થશે. એ સાંભળી કાળીદાસે શ્લોકના પ્રથમાક્ષરને એક કાનો વધારે अ નો आ કર્યો તેથી કરી શ્લોકનો તમામ અર્થ ફરી ગયો (કાળિદાસની અને તે શિષ્યની નજર ઓળખાણ ન હતી નામ માત્ર સાંભળવાથી ખબર હતાં. તે કારણસર કાળિદાસનું કામ થવા શ્રમ પડયો નહીં.) પછી તે ધનંજય કવિનો શિષ્ય સભામાં આવી આ નવીન શ્લોક અમારા ગુરૂએ મોકલ્યો છે એમ કહેતાંજ રાજા એ શિષ્યને કહ્યુંકે, કેવો શ્લોક છે તે વાંચ ત્યારે શિષ્યે તે વાંચી દેખાડયો.

॥ श्लोक ॥

आपशब्द शतं माघ भारवेश्च शतत्रयं ॥

कालिदासेन गण्यंते कविरेको धनंजयः ॥ १ ॥

અર્થ—આપ એટલે પાણી આ પાણીના સો નામ માઘ કવીને ખબર હતાં, અને ત્રણસો નામ ભારવી કવીને ખબર હતાં, અને કાળીદાસને કેટલાં ખબર છે તેની તો સંખ્યાજ નથી અને ધનંજય કવીને તો એક (પાણી) આ વગર બીજું કંઈ ખબર નથી આવા પ્રકારનો શ્લોક સાંભળી રાજા સુદ્ધાં સર્વે પંડિતો એ ધનંજય કવિનું ઉપહાસ્ય (ઠઠ્ઠા) કર્યું. આમ જેમ શિષ્યો ધનંજય કવિપાસે જઈ રાજ્ય કચેરીનું વર્તમાન નિવેદન કર્યું. તે સાંભળી ધનંજય કવિ લજ્જાયમાન થઈ ધારા નગરમાંથી ભાગીજ ગયો.

વારતા ૮ મી

એક દહાડો ભોજ રાજા પોતાના મેહેલમાં સ્ત્રિ સુદ્ધાં બેઠો તેવામાં કાગડો હુંકર્યો, તે સાંભળી રાણી ભયભીત થઈ. પછી રાજાએ કચેરીમાં આવી કાળીદાસને પ્રશ્ન પુછયો.

॥ श्लोक ॥

दिवा काकरवा भिताम् ॥

અર્થ—દિવસે કાગડાની સ્વર સાંભળી ભયાભિત થનારી (કાળીદાસને કહેછે)

॥ श्लोक ॥

रात्रौ तरती नर्मदा ॥

અર્થ—એવી જે સ્ત્રિ તે રાતને વિષે નર્મદા તરી જાય છે. એ સાંભળી રાજા કંઈ ન બોલતાં મેહેલમા ગયો. અને રાતના સુહાગમાનુ મશકરી સજ્યાપર પડી રહયો. તેને નિંદર આવી જોઈ તે રાણી ઉઠી અને ચાલતી થઈ. પછી રાજા અતિત વેષ લઈ તેણીની પાછળ પાછળ ગયો.

તો તે સ્ત્રિ નર્મદાની પેલીકોર જવા નિકળી તે વખતે રાજાએ તેને કહ્યું, મારૂં છોકરૂં સામે કાઠે રહ્યું, અને હું સંમીસા-

જતા આ તરફ આવ્યો છું, માટે મને તમારી સાથે લઇ જશો તો મારૂં છોકરૂં મને મળશે. ત્યારે રાણી એ કહ્યું કે, "મારી પાછળ પછાડી આવ હું તને પેહેલી પાર લઈ જઈશ" એ સાંભળી રાજા તેણી સાથે સામે તીરે ગયો. પછી તે સ્ત્રિ એક વેરાગીના મઠમાં ગઈ, અને સાધુ સંગે રંગરમી ઉમંગે પાછી ફરી. એ જોઈને રાજા પાછો નદી તીરે આવ્યો અને સ્ત્રિને કહેવા લાગ્યો કે, "મારૂં છોકરૂં ક્યાંય પણ દેખાતું નથી એટલા માટે મને પાછો તેડી જઈશ તો તારો મોટો ઉપકાર થશે" એ સાંભળી રાણીએ ઉત્તર આપ્યો કે "ચાલ ત્યારે પકડી લે મારો કમરપટો" "ત્યારે રાજા તેણીનો કમરપટો પકડી નદી ઉતરતો હતો, એટલામાં રાજાનો પગ મગરીએ પકડ્યો ત્યારે રાજાએ તેણીને કહ્યું કે, "મારો પગ મગરીએ પકડ્યો છે તે છોડતી નથી" ત્યારે રાજસ્ત્રિને જોગીએ જાદૂથી બનાવેલું જે તાવીજ આપેલું હતું તે તેણીએ રાજાના હાથમાં આપ્યું કે, મગરીએ રાજાનો પગ તરત છોડી દીધો. તરત રાજા નદી નાખી કીનારાપર આવતાજ રાજા નહાઠો અને ગુપચુપ કોઈ ન જાણે તેમ મેહેલમાં દાખલ થઇ પોતાના બિછાનાપર સુઈ રહ્યો. બીજે દિવસે સવારના પ્રહરમાં રાજાએ સભામાં આવીને પ્રશ્ન કર્યો કે:–

नर्मदामध्ये मगरी गर्जते ॥

અર્થ—રાજા કહે છે કે, નર્મદાના મધ્યભાગમાં મગરીએ સાંભળ્યો (કાળિદાસ કહે છે.)

मार्म जानाति सुंदरी ॥

અર્થ—તે ભેદભરેલા મર્મ જાણનારી તેજ સ્ત્રિ છે. એવું સાંભળતાંજ રાજા લાજ નમાન થઇ કવિ શ્રેષ્ઠની સ્તુતી કરી મેહેલમાં ગયો. પછી તેણે સ્ત્રિને યથાન્યાય શાસન (શિક્ષા) કર્યું.

—:—

વારતા ૯ મી

ભોજરાજાની કચેરીમાં ઘણા પંડિતો હતા, તેમાં કાળિદાસ મુખ્ય હતો. પરંતુ કાળીદાસની સાથે કોઇપણ પંડિતોને બનતું ન હતું, તેમાં વિષ્ણુશર્મા નામના એક પંડિત સાથે તો એટલું બધું વેર ચાલતું હતું કે ન પૂછો વાત? ને એક બીજાનો ઘાટ ઘડવાનો રસ્તો શોધતા હતા, તેમાં વીશેષ કરીને

વિષ્ણુશર્મા બહુજ અદેખો હતો અને કાલીદાસનું નાડવા માટે કામઠામ ફાંફાં માંડતો હતો પણ મહાપરાક્રમી કાલીદાસ તેના ફટકામાં લપ કાયજ શાનો? એનો કહ્યું છે કે જે "ખાડો ખોદે તેજ પડે" એટલામાં એક અંગે કહાવત રૂપે કાગડા જેવો કાળો અને બુદ્ધિમાં ઢીલુ એવો એક બ્રાહ્મણ વિષ્ણુશર્મા પંડીતની આગળ "આવીને વિનંતી કરી કે, મહારાજ મને બ્રહ્મરવ આવ્યું છે. માટે તમારા રાજા પાસેથી કાંઇ દ્રવ્ય મેળવવું એવા હેતુથી હું અહીં આવ્યોછું. પરંતુ મારામાં વિદ્યા કે ગુણ મુદલ નથી એટલા માટે કંઇ યુક્તી કરીને મને ધન પ્રાપ્તી થવા સલાહ બતાવશો." બ્રાહ્મણનું સંભાષણ સાંભળી વિષ્ણુશર્માએ કાલી-દાસનો ઘાટ ઘડવા માટે આકડુ ગોઠવી દેવા માટે મનમાં વિચાર કરીને વિનોદથી તે બ્રાહ્મણને કહ્યું. બ્રાહ્મણ, તારામાં કાંઇપણ ગુણ નથી. તે માટે રાજસભામાં જઇ કંઇ ભાષણ કરવાનો ઉપયોગ તો તારાથી બનવાનો નથી માટે તને યુક્તિ કહું તેમ કર, એટલે તારું કાર્ય થશે. તે એ કે. એક દેવળમાં મહંતનો સોંગ સજીને બેશ, તે સોંગના દર્શન માટે હું કંઇક ધન આપું છું, સાથે ચાર ચાકર તારી સેવામાં સોંપુ છું અને તે દેવળમાં તારા દર્શન માટે જે જે લોકો આવે, અને તે તને પુછે કે તમે કોણ છો, કયાંથી આવ્યા છો, ત્યારે તમારે એક પણ શબ્દ ન બોલવો પણ આ તમારી સાથે આવનાર ચાર માણસોમાંનો કોઇપણ જવાબ આપશે કે, આતો કાળિદાસ પંડીતના ગુરૂ છે. પુછવાથી માથું હલાવી ઇશારેથી હા કહેજો કોઇ સાથે બોલશો નહીં કારણ કે, વાત કરવાથી માણસના ગુણ દોષ સામાના મનમાં તુરત જાયછે. એવું વિષ્ણુશર્માનું બોલવું સાં-ભળી બ્રાહ્મણે તે પ્રમાણે વર્તવાનું કબુલ કીધું અને પોતાની સાથે ચાર ચેલા લઇ એક દેવળમાં જઇને મહંતનો સોંગ લઇ સંકેત પ્રમાણે તે બેઠો. પછી ત્યાં દેવદર્શન માટે જે જે માણસો આવતાં તે તેને પુછતાં કે, આ કોણ સાધુ છે?

શિષ્યો કહે કે, "આ કાળિદાસના ગુરૂછે." એમ ગામ આ-ખામાં પોકાર થઇ ગયો, ને તે રખડતો રઝળતો રાજાને કાને અથાડયો કે તરતજ કાળિદાસના કાન ઉઘડયા ને મનમાં સમજી લીધુંકે, વિષ્ણુશર્માએ આ કૃત્ય કર્યું છે. એક દિવસે રાજાએ કાળિદાસને પુછયું કે, "તમારા ગુરૂજી આવ્યા

હે તેમની પાસે ગયા હતા કે નહીં ?' કાળિદાસ બોલ્યો, "રાજા મારા ગુરૂ આવ્યા છતાં હું જાનાર નહીં એમ વાત કેમ થાય ? ગુરૂ દર્શને હું હમેશ જાઉંછું એમ કહ્યું." પછી રાત્રે કાળિદાસે તે ઢોંગી બાવા પાસે જઇ તેના શિષ્યોને કહ્યું કે, "ઉઠો, અહીંથી જરા લાંબા ખસો જાઓ, મારે મારા ગુરૂ પાસે કાંઇ ખાનગી વાત કરવાની છે.' ત્યારે શિષ્યો સર્વે એક બાજુ ગયા પછી વેષધારી ગુરૂને એકાંતમાં પુછ્યું. "અરે બ્રાહ્મણ, તું મારો ગુરૂ થઇ આવ્યો છે કે? બોલ ત્યારે તને શું શું આવડે છે? પ્રત્યક્ષ કાળિદાસની ગાંઠ પડી, હવે આ શું કરશે, કોણ જાણે? આવા ભયથી તે ઢોંગી બોલ્યો. "મહારાજ, આ વિષ્ણુશર્માના કહેવાપરથી મેં કર્યું છે. માટે અપરાધ ક્ષમા કરશો." બ્રાહ્મણનું એવું દીન ભાષણ શ્રવણ કરી કાળિદાસ બોલ્યો. સારુ, તે દ્રવ્ય પ્રાપ્તી માટે આ કૃત્ય કર્યું છે તો કંઇ ચિંતા નહીં હવે તને કહું છું તેમ કર. જે વખતે રાજા તને રાજસભામાં તેડી જાશે તે વખતે તને કંઇ પ્રશ્ન પુછશે ત્યારે તું મારા સામી આંગળી બતાવજે, એટલે તારો આ સોંગ [illegible] થશે,' એમ કહી કાળીદાસ ત્યાંથી વિદાય થયો. અહીં બીજે દિવસે રાજાએ પાલખી મોકલી કાળિદાસના ગુરૂને મોટી ધામધુમથી સભામાં આણ્યો. અને કાળિદાસના ગુરૂ તે સિંહાસન ઉપર બેસાડી નમઃસ્કાર કર્યો. પછી રાજાએ કાળિદાસને કહ્યું, "ગુરૂજી પાસે કંઇ ભાષણ કરાવવું, એવી ઇચ્છા છે." કાળિદાસ બોલ્યો, "તેઓ સમર્થ છે." ત્યારે રાજા વેષધારી ગુરૂને પૂછવા લાગ્યો કે, "મહારાજ, લંકાધીશ જે દશાનન તેને કોઇ રાવણ કહેછે, તેમાં ખરૂં કયું. એવું રાજાનું વાક્ય સાભળી તે બ્રાહ્મણ એક તો અવિદ્વાન, કોઈ દહાડે તો શું પણ સ્વપનામાં પણ ન જોયલી એવી રાજ સભામાં રાજાસાથે વાતચીત કરવાનો પરીચય ન હોવાથી તે ગભરાઇ ગયો. તે વખતે કાળિદાસ સામી આંગળી બતાવવાની સુદ્ધાંશુદ્ધ તેને રહી નહીં. અને એકાએક " રાબણ " કરીને બોલી ઉઠયો. તે સાંભળી આશ્ચર્ય પામતાં આપ " રાબણ " કહો છે તે કેમ, રાજાએ પૂછ્યું?" ત્યારે આગળ શું બોલવું એ તેને સુચે નહીં, માટે તેણે ગભરાટથી કાળિદાસ તરફ આંગળી કરી એ જોઇ કાળિદાસ નિચનો શ્લોક બોલ્યો.

શ્લોક

मकारो कुंभकर्णश्च मकारश्च बिभीषण:
तयोर्ज्येष्ठ: कुलश्रेष्ठो मकारो किन विद्यते ॥

અર્થ-કુંભકર્ણના નામમાં ભકાર છે, અને બિભીષણના નામમાં પણ ભકાર છે. ત્યારે પછી તે બેઉ કરતાં જે મોટા ભાઈ તેના નામમાં ભકાર કાં ન હોવો જોઇએ? કાળિદાસની આવી વીગતવાળી સાંભળીને રાજા ખુશખુશ થઈ ગયો ને કાળિદાસના ગુરૂનો મોટો આદરસત્કાર કરી તેને એક લક્ષ મોહર અર્પણ કરી રીઝવ્યો. એ જોઈ કાળિદાસને આનંદ થયો. અને વિષ્ણુશર્મા પોતાના મનમાં ઘણોજ નિચી મુંડ કરી બેસી રહ્યો.

—— :૦: ——

વાર્તા ૧૧ મી

એક દિવસ ભોજરાજા અંત:પુરમાં ગયો તે તેની સ્ત્રિ બહાર બેઠી હતી (એટલે અડકાયેલી હતી) તે તેને ખબર નહતી. તેણીની પડખેથી રાજા ગયો, તે વખતે રાજા અડી ન જાય માટે "હુંહું હુંહું હુંહું" કરીને બોલી, તે સાંભળી રાજા સભામાં આવ્યો અને પોતાના ચકિતસે: પંડિતોને પરન પૂછયો કે. "હુંહું હુંહું હુંહું" કરોતિ. આ શ્લોકના પછવાડાનાં ત્રણ ચર્ણ કયાં છે. તે કહો ત્યારે કોઈ પંડિતે જવાબ ન આપ્યો અને બધા છાના રહ્યા. ત્યારે કાળિદાસે નિચનો શ્લોક કહયો.

શ્લોક

भोजस्य भार्या ऋतुसंग योग एका किलीनारि गृहं वसंति ॥
अस्पर्श कालेतु निज प्रियस्य हुंहुंहुंहुंहुंहुं करोति ॥ १ ॥

અર્થ—ભોજ રાજાની સ્ત્રિ રતુવાળી ઘરમાં એકાંત સ્થળે બેઠેલી છતાં રાજા નજીક આવી ચડયો. તેને અડકાઈ ન જવાય આ ધારતીથી તેણીએ છેલા ચરણ પ્રમાણે, હુંહું હુંહું કરીને શબ્દ કર્યો. તે સાંભળી રાજા અતી આનંદ પામ્યો.

—— :૦: ——

વાર્તા ૧૨ મી

એક દિવસ સ્ત્રિઓસહિત ભોજરાજા રત્ન જડિત હિંડોળાપર બેશી વિલાસમાં નિમગ્ન છતાં એકાએક હિંડોળાની કડી તુટી "કડાડધપ્પ" આ પ્રમાણે શબ્દ થયો. તે પછી રાજાએ સભામાં આવી પંડિતોને પ્રશ્ન કર્યો કે, "કડાડધપ્પ" એ સાંભળી કાળીદાસે નિચે પ્રેમાળનો એક દોહરો કહી સંભળાવ્યો.

દોહરો

भोजराज भुजंग भयो । लिपटगये कामिनीकंठ ॥
जब आगों प्रेमरसमें । तब कही कडाडधप्प ॥ १ ॥

અર્થ—ભોજરાજા આજ જાણે એક સર્પ તે સ્ત્રિઓનાં કંઠમાં હાથ નાખી મોટા વિલાસમાં છતાં હિંડોળાની કડી તુટીને "કડાડધપ્પ" એવો શબ્દ થયો. એ સાંભળી કરીને ભોજરાજા શરમીત થઇ અંતપુરમાં જતો થયો.

———:•:———

વાર્તા ૧૩ મી

કોઇ મુર્ખ બ્રાહ્મણ "ત્રિપીડા નાસ્તિ દીને દીને" એટલે રોજ રોજ તારી ત્રણ પીડાઓ નજાઓ આવું વાક્ય સાંભળી દ્રવ્યની ઇચ્છાએ ભોજની કચેરીમાં આવ્યા, અને કચેરી જોઇ ગભરાઇ ગયા, તેથી રાજા પાસે જઇ ઉતાવળમાં ને ઉતાવળમાં "ત્રીપીડાસ્તુ દીને દીને" એટલે તને રોજ ત્રણ પીડાઓ થાઓ. આવું બોલી ગયો. તે વખતે કાળીદાસ હજુ સભામાં આવ્યો ન હતો. આ બ્રાહ્મણનું બોલવું સાંભળી રાજા કોપાયમાન થયો અને સિપાઇ પાસે ધક્કા મરાવી તે બ્રાહ્મણને સભા બહાર કઢાવી મુકયો. તથા તે મુર્ખ બીજુ ન માનું મોઢું કરી ફરતો જતો હતો, તેને કાળીદાસનો મેળાપ થઇ ગયો.

ત્યારે તે તેની આગળ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું, બ્રાહ્મણનું અપમાન થયાના સમાચાર સાંભળી કાળીદાસ બહુ સંતાપ પામ્યો. પણ રાજા આગળ નિરૂપાય, જેથી કાળીદાસે બ્રાહ્મણને કહ્યું, તમે "હવે તમારે ઉતારે જઇ સ્વસ્થ બેસો હું તેની વજવીજ કરીશ." પછી કાળીદાસ સભામાં આવ્યા પછી રાજાએ

તેને પ્રશ્ન પૂછ્યો "ત્રિપીડાસ્તુ દીને દીને" તે સાંભળી કાલિદાસ કવિએ એક શ્લોક કહ્યો.

॥ શ્લોક ॥

प्रदाने विप्र पीडास्तु पुत्र पीडास्तु भोजने ॥
शयने पत्निपीडास्तु त्रिपीडास्तु दिने दिने ॥ १ ॥

અર્થ—હે રાજા, તને દેતી વખતે, વિપ્ર એટલે બ્રાહ્મણ માંગે તેની તને પીડા થાઓ (તેમ તેમ તારી કીર્તિ જગતમાં સૂર્યની પેઠે પ્રકાશ પામતી જશે) ભોજનકાલે તને તારા ઘણાં બાળકોની પીડા થાઓ (એ પણ સુખરૂપ એક પીડાજ છે. કારણ છોકરાં સમું ખાવા ન આપે તેથી) વિલાસ ભવનમાં ગમન કર્યાપછી વિવિધ પ્રકારના આનંદ રંગથી આનંદ ઉપજાવનારી વનિતા, ક્રિડા કરતી વખતે પિચકારી નીચે (એટલે સુખે સુવા આપે નહી) જેથી પુરૂષના જીવને સદા આનંદ રહે છે તે જગ પ્રસિદ્ધ છે) આ પ્રમાણે ત્રણ પીડા જે છે તે તને સદા સર્વદા થાઓ. એ સાંભળી રાજાએ તે બ્રાહ્મણને પાછો સભામાં બોલાવી અપાર દ્રવ્ય આપી સંતુષ્ટ કર્યો

વાર્તા ૧૩ મી

એક દિવસ ભોજરાજા રાત્રે વેષ બદલાવી ધારાનગરમાં ચોર ખાતરની માટે ખોળખોળ કરતો ફરતો એક બ્રાહ્મણના ઘરની આગળ આવી ઉભો. કમાડ ઉઘાડા જોઇ અંદર નજર કરી તો એક ચમત્કાર દીઠો. તે એવો કે, તે બ્રાહ્મણ પત્ની પતિસેવામાં મગ્ન છે, પરંતુ પલંગની પાસેની સગડીમાં અગ્ન સળગતો હતો, તેવામાં દેવયોગે પતીનો ધક્કો લાગવાથી તેણીનું બાળક તે સગડીમાં જઇ પડ્યું, તોપણ તે સ્ત્રી તેને સંભાળવા, પતિનો પગ ચાંપતી છોડીને ઉઠી નહીં, અહીં તે બાળકને અગ્નિનો કશો બાધ ન થતાં તે હાસ્યવદને (હસતે મોઢે) સગડીમાં પડ્યો પડ્યો રમે છે, અને પતિવ્રતા પ્રેમથી પતિની સેવા કરતી બાળક સામુ હસતી હસતી જોયા કરે છે. પણ ઉઠીને અગ્નિમાંથી કાઢતી નથી, એ જોઇ રાજાએ બીજે દિવસે પંડીતોને પ્રશ્ન કર્યો કે, "હુતાશનઃ ચંદન પંક શીતલઃ" આ ઉપરથી

ચરણુ ને સ્ત્રીકને છેડે તે શ્લોક કર્યો ત્યારે સર્વ પંડિતો અમથા બેસી રહ્યા. એ એક સર્વોપરી શ્રેષ્ઠ કવીએ નીચેનો શ્લોક કહ્યો.

॥ श्लोक ॥

सुतंपतं तज्वलितेतु पावकेन बोधयामास पतिंपतिव्रता ।
पतिव्रता शापे भयेन पीडितो हुताशनः चंदन बिंदु शीतलः॥

અર્થ—બાળક અગ્નિમાં પડયો એવું જાણતાં છતાં તે પતિવ્રતા તેને કાઢતી નથી, તેનું કારણ તે પતિસેવામાં નિમગ્ન હતી. તેણીના બાળકને અગ્નિ તરફથી પીડા થઇ નહીં. કાં, કહેશો તો અગ્નિ પોતાના મનમાં તેણીના શાપનો ભય રાખતી હતી એટલા માટે અગ્નિ, જેમ ચંદનનો શરિરને લેપ કર્યો હોય અને શીતળતા પ્રાપ્ત થાય તે પ્રમાણે ટાઢો થઇ ગયો. આ કાળિદાસનાં વાક્યો શ્રવણ કરી ભોજ રાજા પોતાના મનને કહે છે, કે, "આ ચમત્કાર મારા એકલાનાજ જોવામાં આવ્યો છે. બીજા કોઇને ખબર નથી, એમ છતાં કાળિદાસે સવિસ્તાર શ્રુત કરયું આ પરથી નિશ્ચિત માણસ છે એવું સમજી અંતઃપુરમાં ગયો.",

---

વાર્તા ૧૪ મી

કાળીદાસને કાંધ માર્યો.

એક દિવસ કંઇ કારણથી ભોજરાજનો કાળિદાસપર ઇતરાજી થવાથી મારેકરીને બોલાવી આજ્ઞા આપી કે, "કાળિદાસને અરણ્યમાં લઇ જઇ તેનો શિરચ્છેદ કરવો" ત્યારે તેઓ કાળિદાસને વધાર્યે અરણ્યમાં લઇ ગયા, અને રાજહુકમ સંભળાવ્યો, તે વખતે કાળિદાસ મનમાં કહે છે, કે "મેં રાજાનો કંઇ અપરાધ ન કરેલો છતાં તેણે મને છેવટની શિક્ષા દીધી, વારૂ હવે આ વખતે આ મારેકરીઓને જો કંઇ દયા આવે તોજ આપણી મુક્તતા થાય. નહીં તો આજે પુરેપુરાં સોએ ભરાઇ ગયાં. એમ મનમાં આણી શ્રી કાળિનું સ્તવન કર્યું. અને મારેકરીઓને વિનંતી કરી કે. ભાઇરે મેં અપરાધ નથી કર્યો છતાં રાજાએ એવી આજ્ઞા કરી તેટલા માટે આ વખતે તમેજ મારાપર દયા કરી જીવદાન આપોતો સારૂં." ત્યારે પેલા મારેકરીઓએ વિચાર કર્યો કે, "આ

બ્રાહ્મણને રાજાએ મુર્ખપણાથી મારવા હુકમ કર્યો છે, માટે આપણે આને છોડી મુકશે, અને મારી કરીને રાજાને કહેવું." પછી કાળિદાસને તે લોકો કહેવા લાગા કે, "ભાઈરે તને અમે છોડી દઇએ. પણ તું ગામમાં આવ્યો, અગર તું જીવતો છે એમ રાજાને ખબર પડી તો અમને રાજા કુટુંબસુદ્ધાં જીવથી મારશે, તો પછી તેનું શું કરવું?" તે કહે ત્યારે કાળિદાસે કહ્યું, "હું મારો વેષ બદલાવી દૂર દેશમાં જઇને રહીશ. કાળિદાસ આ નામ કોઇને કહેનાર નથી." તે સાંભળી મારેકરીઓએ તેને છોડી દીધા. અને રાજાને જઇને કહ્યું કે, "આપની આજ્ઞા પ્રમાણે અમોએ કાળિદાસનો વધ કરી આવ્યા" અહીં કાળિદાસ પોતાનો પોષાક બદલાવી સામાન્ય પુરૂષનો વેષ લઈ બીજે દેશ નિકળી ગયો. તે દિવસથી ભોજરાજાને ઘડીએ ઘડીએ કાળિદાસનું કામ પડે ત્યારે તે પશ્ચાતાપ પામતો, પણ કંઇ ઉપાય નહીં. રાજાને કાળિદાસનું ઘણુંજ ધ્યાન લાગ્યું. કંઇ પણ સુઝે નહીં. એક દિવસ રાજાના મનમાં એવો વિચાર આવ્યો કે, કાળિદાસનું રક્ષણ કરનારી શ્રી મહાકાળી છતાં મારેકરીઓના હાથથી કાળિદાસ માર્યો જાય એમ બનેજ નહીં. માટે તે મારેકરીઓને તેડાવી અભય આપી કાળિદાસ વિશે ખરી હકીકત પૂછી "તે વખતે ચંડાળોએ વિચાર કર્યો કે, રાજાએ કાળિદાસનો કંઇક તપાસ માગ્યો છે માટે રાજા પુછે છે. આપણને અભય દીધું છે તે માટે ખરું કહેવું. પછી શું પરી તે ખરો. એવો વિચાર કરી ને ઓએ ખરે ખરૂં રાજાને કહી દીધું." તે સાંભળી રાજાએ તેઓને ઘણું ઈનામ આપ્યું. પછી હેરોને બોલાવી કાળિદાસને શોધી કાઢવા સારૂ દેશો દેશ મોકલી આપ્યા. આવી રીતે તપાસ કરતાં ઘણા દિવસ થયા, પણ ક્યાંય કાળિદાસનો પતો મળ્યો નહીં એમ જાણી રાજાએ એક ચમત્કારીકયુક્તી કાઢી કે, જે નવો શ્લોક કરી લાવશે તેને એક લાખ રૂપૈઆ ઈનામ આપીશ. આવું જાહેરનામું સઘળા મુલકમાં પ્રસિદ્ધ કરયું. હવે કચેરીમાં એવો બંદોબસ્ત બાંધી રાખ્યો હતો કે, પોતાની સભામાં એકપાઠી, બેપાઠી, ત્રણપાઠી, અને ચારપાઠી એમ અનુક્રમે પાઠીઓ રાખી હતી. તેથી કોઇ નવો શ્લોક લાવે તેને કહે કે, બોલી દેખાડ; તે સાંભળી પેલો

દેખાડે. પછી બેપાઠી એ બે વાર સાંભળવાથી તેને યાદ રહી ગયો હોય, તે કહે કે, આતો જુનો છે મને પણ આવડે છે. એમ કહી બોલી બતાવે. આમ અનુક્રમે તે શ્લોક બધા વિદ્વાનોએ બોલી જોયો. જેથી કરી પેલો શ્લોક કર્તા નિરૂત્તર થઈ જાય, અને પોતાને ઠેકાણે ચાલી જાય. આવી રીતે રોજ રોજ ઘણાં વિદ્વાનો દેશદેશથી અહીં આવે અને ફસાઇને પાછા જાય. કોઇને એક લાખ રૂપિયા મળે નહીં. આ પ્રમાણે ચાલતાં એક બ્રાહ્મણ કાળિદાસને મળ્યો, અને તેણે ભોજરાજાની સભાના સર્વે સમાચાર કહી સંભળાવ્યા કે, શું કહું ખરેખર હું નવો શ્લોક કરીને ગયો અને ભોજરાજાની કચેરીમાં તે જુનો ઠર્યો ફોકટ ધારાનગરી સુધી આવવનો ધર્મ ધક્કો થયો. અને ત્યાં જઇ અપમાન પામ્યો ત્યાં દરરોજ મોટા મોટા પંડિત અપમાન પામે છે. તેનું આવું બોલવું સાંભળી કાળિદાસ બોલ્યો. "હું તમને એક નવો શ્લોક દઉં છું, તે લઇ પાછા તમે રાજા પાસે જાઓ, અને બોલો, એટલે તમને એક લાખ રૂપિયા મળશે. એમ કહી શ્લોક દીધો, તે લઇ બ્રાહ્મણ ધારાનગરી આવ્યો. અને રાજ સભામાં બાજુએ થઇ શ્લોક બોલ્યો.

श्लोक

स्वस्तिभोजराजा त्रिभुवन विदिते धार्मिकः मत्यवव ।
पित्राते ममृही तान वतिन वधिका रत्न कोह्यो मदीयाः ॥
तास्त्वं देहीति राजनू सकल बुधजन ज्ञायते सत्य मेततनो
वाजतनंति यततमम कृति मथवा देहि लक्षंत तोमे ॥ १ ॥

અર્થ--"હે ભોજરાજા તું ધાર્મિક અને સત્ય ભાષણ કરનારો એવો જે તું, તે ત્રલોક્યમાં વિખ્યાત છો. માટે કહું છું કે, તારા પિતાએ મારી પાસેથી નવ્વાણુ ક્રોડ રત્નો લીધાં છે. તે મારા મને દેવાં, આ સત્ય છે. આ વિશે આ તારી સભાના સભાસદો જાણે છે. અને જો તે જાણતા ન હોય તો આ કાવ્ય નવું કરેલું છે એમ સમજી મને લાખ રૂપિયા દે. આ શ્લોક સાભળી પાછી પંડિતોનું બોલવું બંધ થયું કારણ કે શ્લોક જુનો છે. એવું કહેતો આ બ્રાહ્મણનાં નવ્વાણુ ક્રોડ રત્નો રાજાના બાપ ઉપર લેણાં છે એમ ઠરી પડેછે. રાજા પોતાના

મનમાં વિચાર કરેછે કે, આજ સુધી ઘણા વિદ્વાનો આવી ગયા પણ કોઇને લાખ રૂપિઆ મારી પાસેથી મળ્યા નથી. આજ માત્ર દેવા પડેછે. આ યુકતી બહુધા કાળિદાસ વગર બીજાની નથી. માટે કાળિદાસ કોઇ પણ ઠેકાણે આ બ્રાહ્મણને મળેલો હોવો જોઇએ. એમ જાણી બોલ્યો, મહારાજ, શ્લોક તો આપનો નવો છે ખરો, પણ આપને કાળિદાસ કવિ કયે ઠેકાણે મળ્યા, અને હાલ તેઓ કયા છે, એ મને કૃપા કરીને કહો. બ્રાહ્મણ રાજાને કહે, "મહારાજ, હું પ્રથમ એક વખત નવો શ્લોક કરીને આવ્યો હતો, પણ તે શ્લોક આપની સભામાં જુના ઠર્યો, ત્યારે નિરાશ થઈ કાશીક્ષેત્ર જતા માર્ગમાં કાળિદાસનો મેલાપ થયો. તેણે આ શ્લોક દીધો, તે લઇ હું અહીં આવ્યો. અને તે ગોદાવરીને કીનારે પૈઠણ નામે શેહેર છે ત્યાં ગયા. તે સાંભળી રાજાએ તે બ્રાહ્મણને એકને બદલે બે લાખ રૂપિઆ આપ્યા. અને ઉપરાંત વસ્ત્રાભૂષણ દઇ તૃપ્ત કર્યો. પછી પોતા બરાબર થોડું લશ્કર લઇ પ્રધાનાદિક નોકરો સાથે ભોજરાજા પૈઠણ આવ્યો. ત્યાં પણ ત્યા તેને કાલીદાસ મળ્યો નહીં કાલી-દાસને ખોળવાને માટે રાજા પોતે જોતા ફરી દેશોદેશ ભ-ટકયો, તોપણ કાંઇ સફલ થયું નહી, અંત નીરાશ થઇ રાજા રાજધાની તરફ પાછો ફર્યો.

વાર્તા ૧૯ મી

એ બ્રાહ્મણના છોકરાઓ કાશીક્ષેત્રને વિષે વિદ્યાભ્યાસ કરવા ગયા હતા. તેમા એકનું નામ મણિભદ્ર અને બીજાનું નામ સુશર્મા મણિભદ્ર એવી રીતે હતુ. સવારના પહોરમા ઉઠી સ્નાન સંધ્યાદી બ્રહ્મકર્મ કરતું. પછી વિદ્યાભ્યાસ માટે બેસતું. અને સુશર્માએ સવારમાં ઉઠી દાતણ પણ કર્યા વગર વિદ્યા-ભ્યાસ ચલાવે છે. પછી કેટલેક દિવસે તે બેઉ સર્વે વિદ્યામાં સંપન્ન થયા. તે પછી તેઓએ ગુરૂને વીનંતી કરીકે, હવે અમને પોતાને ઘેર જાવા આજ્ઞા દેશો. શિષ્યોના શબ્દ શ્રવણ કરતાંજ ગુરૂએ ખુશીથી જવાની આજ્ઞા આપી પરંતુ તેઓની પાસે વાટ ખર્ચી ન હોવાથી તે કેમ પોતાના વતનમાં જઇ શકે? ત્યારે ગુરૂજીએ વિદ્યા સાથે અર્થનું દાન આપી તેમની વિદા-યગીરી કરી આપી. ત્યાંથી તેઓ બંને છોકરા નિકળી

ઘર તરફ આવતાં એક દીવસ રસ્તાના જંગલમાં નદી તીરે નાહાવાને ઉતર્યા. અને ત્યાંજ રસોઇ કરવી એવો મણીભદ્રે વીચાર કર્યો. ત્યારે સુશર્માએ કહ્યું કે, "આપણી પાસે સિંધા સામાન છે. પણ દેવતા નથી" ત્યારે મણિભદ્ર બોલ્યો, "દેવતા હું આણી દઉ છું, તુ પાક સિદ્ધ કર." "ત્યારે સુશર્માએ કબુલ કરી તમામ તૈયારી કરી," અને મણીભદ્રને અગ્નિ લાવવા કહ્યું ત્યારે મણીભદ્રે અગ્નિનો મંત્ર બોલી અગ્નિ પ્રગટ કર્યો. આ ચમત્કાર જોઇ સુશર્માએ મનમાં વિચાર કર્યો કે, અમો બન્ને સાથે અભ્યાસ કરવા છતા મારા મંત્રને સિદ્ધી નથી. જો અમે બેઉ ભેળા ઘેર જશુ તો આની વિદ્વતા આગળ મારું કંઇ તેજ પડનાર નથી. માટે મણિભદ્રને મારી આપણે એકઠા સ્વદેશ જઉં એવો વિચાર કરી જાગી રહ્યો બાદ મણિભદ્ર ઊંઘમા પડ્યો ત્યારે તેનો ઘાત કરવા ને તલવાર [illegible] મણિભદ્ર ઉંઘમાંથી ચમક્યો [illegible] જુવે તો આ શીષ્ય સુશર્મા ઉઘાડુ ખડગ હાથે લેઇ બેઠો છે [illegible] મણિભદ્ર [illegible] આજીજીથી કળકળતા તેની પાસે [illegible] પણ તે [illegible] કંઈ તે તો સાંભળેજ નહીં, ત્યારે મણિભદ્ર બોલ્યો, કે "આ ચાર અક્ષરો લખી આપું છું, તે જઇ મારા બાપને આપજે" ત્યારે સુશર્માએ તે વાત માન્ય કરી. તે વખતે મણિભદ્રે એક ઝાડના પાંદડાપર "કાંટાથી अ,प्र,शी,ख," આવા ચાર અક્ષરો લખી દીધા. પછી સુશર્મા તેની છાતી ઉપર પગ મુકી હાથેથી ચોટલો પકડી અને બીજા હાથમાં તરવાર લઇ મણીભદ્રનું મસ્તક ઉપરથી કાપી દીધુ. અને પોતે રસ્તે ચાલતો થયો. કેટલેક દીવસે તે પોતાના ગામમાં જઇ પોહોંચ્યો ત્યારે મણીભદ્રના પિતાએ પોતાના પુત્રના સમાચાર પુછ્યા. ત્યારે સુશર્માએ કહ્યું કે, તેનો વિદ્યાભ્યાસ પુરો થયો નથી, માટે તે કાશી રહ્યાં છે. વિદ્યા પુરી થઇ માટે હું ગુરુની પરવાનગી લઈ આવ્યો. તમારે દીકરે તમને દેવા આ પત્ર આપ્યું છે; એમ કહી તે ચાર અક્ષરથી લખેલું પાંદડું તેના હાથમાં આપ્યું. તેમાં તે મરનાર મણીભદ્રનો બાપ કઇ સમજ્યો નહીં, ત્યારે તે મોટમોટા વીદ્વાનો પાસે ગયો, તેઓ આ ચાર અક્ષરનો વીચાર કરવા લાગા, પણ કંઈ સમજ્યા નહીં, ત્યારે બ્રાહ્મણ તે પર્ણ લઇ ભોજ રાજાની કચેરીમાં આવ્યો અને રાજાને આશીર્વાદ આપી તેણે પાન રાજા આગળ મુક્યું, અને સર્વે વૃત્તાંત સંભળાવતાં ત્રીનસી

કરીકે, મહારાજ આપની પાસે મોટા મોટા પંડીતો છે, તો આનો અર્થ શું થાય છે તે કૃપાકરીને મને સમજાવશો ત્યારે રાજાએ સર્વે પંડિતોને તે ચાર અક્ષરોનો અર્થ પૂછયો. પણ કોઇએ જવાબ આપ્યો નહીં. ત્યારે રાજાએ ક્રોધ યુક્ત થઇ પંડિતોને સખત હુકમ કર્યો જે, મારા પાસે આટલાં બધાં વેદી ઢોરાનું ધન છતા આ એક છોકરાના લખેલા ચાર અક્ષરોનો અર્થ ન થયો તો પછી પર દેશોમાં મારી કિર્તીના કાગડા કેવો ઉડશે. માટે હું હુકમ કરું છું કે આજથી બત્રીસ દિવસની અંદર આનો અર્થ શું થાય તે કહેશો નહીં તો સર્વે વિદ્વાનોને કાળિદાસની પેઠે કાંધ મારવામાં આવશે. આ પ્રમાણે તાકીદ કરી, રાજાએ સભા વિસર્જન કરી. તે દિવસ મંગળવાર હતો. તે પછી સર્વે પંડિતો દિલગીર થતાં પોતાને ઘેર જતા થયા તે દિવસથી બધા પંડિતો પોતપોતાને ઘેરે વિચાર કરવા લાગા. પણ કોઇને કંઇ અર્થ સમજાય નહીં. એમ કરતાં કરતાં એકત્રીસ દિવસ નિકળી ગયા. તે દિવસે બધા વેદીઆ ઢોરોને નિરાશ પેદા થઇ. કે હવે આપણી આયુષનો આ છેલા દહાડા છે. એમ સમજી ચિંતાતુર થયા. તે વખતે એક પંડિતનો છોકરો ઘરના માણસોથી રીસાઇને જંગલમાં જતો રહ્યો, ત્યાં રાત થઇ ગઇ, માટે જનાવરોની ધાસ્તીથી એક વડના ઝાડ ઉપર જઇ બેઠો (તે વડ નિચે રોજ ભુતો સાથે વેતાળની કચેરી ભરાવાની જગ્યા હતી) તે પછી મધ્ય રાત જ્યારે કચેરીનો ઠાઠ જામ્યો. છેવટ વેતાળની સ્વારી આવી સિંહાસનપર બેઠી. પ્રધાનાદીકને દરબાર પૂછી બધાને કામો નેમી કચેરી બરખાસ્ત થાનાર એટલામા ભુતોએ વિનંતી કરી કે, અમો ઘણા દિવસના ઉપેષિત (અપવાસી) છે અમને કંઇ પણ ભક્ષ મળવું જોઇએ તે, સાંભળી વેતાળ રાજાએ સર્વે ભુતોને કહ્યું જે, ભોજરાજાની સભામાં એક બ્રાહ્મણે "अ, प्र, शी, ख" આ ચાર અક્ષરોનો પ્રસ્ન આપ્યો છે. તેનો અર્થ બત્રીસ દિવસમાં ન કહ્યાથી સર્વે વિદ્વાનોનો શિરચ્છેદ કરીશ, એવી રાજાએ પ્રતિજ્ઞા કરી છે. અને તે અર્થ કહેવાને એક પણ પંડિત સમર્થ નથી. તે રાજાજીની મુદત આજ પુરી થઇ. સવારે રાજા સર્વે પંડિતોનાં માથા ઉડાવી દેશે, ત્યારે એકપાઠી કે જેને એકવાર સાંભળવાથી પાઠ થઇ જાય છે. તે કહે, આતો જુનો છે, મન આવડે છે. એમ કહી તે બોલી